કુમાર

અંક ૧૬

ઉગતી પ્રજાનું માસિક



છત્રપતિ શિવાજી મહારાજ

મૂર્તિકાર
શ્રી. ડી. બી. તાલિમ (મુંબાઇ)

તંત્રી
રવિશંકર રાવળ

પુસ્તક ૨ :: અંક ૪

ચૈત્ર

૧૯૮૧

§

લવાજમ
વરસના રૂ. ૬ :: છ માસના રૂ. ૩
પરદેશના રૂ. ૭
છૂટક નકલના દસ આના

કુમાર કાર્યાલય
૪૪૮૦ રાયપુર : અમદાવાદ



"કુમાર"
ચિત્રકારઃ
શ્રી. યશવંતરાવ હાટે.

છત્રપતિ શિવાજી મહારાજ



રાષ્ટ્રધ્વજ

એ ખડકના પથ્થરો ઉપર વરસો થયાં એક જુવાન પડી રહે છે, અને ભુલાએલો ઇતિહાસ તાજો કરે છે.

. . . .

દૂર ડુંગરની ટોચે જબરો કીલ્લો, કીલ્લાનો બુરજ, અને બુરજ ઉપર ધ્વજ. ધીરી હવામાં એ ધ્વજના ઉડવાનો ફડફડાટ તેના કાન ભરે છે, અને અંતઃકરણમાં અપૂર્વ ભાવ જગાડે છે.

ગઢ પડીને ખંડેર થયો છે. ન મળે કોઈ સરદાર—ન મળે કોઇ રક્ષક. કરોળીઆના જાળા જેવો લોકવ્યવહાર જડ ને બંધાએલો ચાલે છે. ધ્વજનું માનભાન ભુલાઈ ગયું છે. તો યે પોતાના રોપનારને ગૌરવભેર બોલાવતો હોય તેમ એ તો ઉડતો ને ઉડતો જ છે.

ધ્વજનો કોઈ ભક્ત ન હતો જે એને ચુમે; કોઇ પુજારી ન હતો જે એને નમે. શસ્ત્રાસ્ત્રથી સજ્જ એક સૈનિક અશ્વ ઉપર કલાકો સુધી સ્થિરગંભીર ઉભેલો દેખાય છે ને અદૃશ્ય થાય છે. તે કોણ હશે એ જાણવા જુવાન અનેક કલ્પનાઓ કરે છે.

પવન પડી ગયો છે. ધ્વજના મુળની ભોં ઉખડી છે. વિજયમૂર્તિ શો એ ધ્વજ ચીથરેહાલ થઇ ગયો છે. એનાં ચીંદરડાંની બાળકો ઢીંગલીઓ બનાવે છે. અદીઠ કેટલા યે વજ્રપ્રહાર વાગે છે !

કડાક કરતો એક કાટકો થાય છે. ચેત્યો હોય તેમ જુવાન ચોંકીને ઉઠે છે ને ધસે છે. ધ્વજદંડ પડવા લાગે છે, પણ મજબુત હાથે તે એને પકડી લે છે. ઘવાઇને તે બેભાન થવા માંડે છે, પણ ધ્વજ તેના હાથમાં ખડો છે. . . . . . .

* * *

દેશના જુવાન પ્રાણ જાગ્યા છે, ને એના બલિદાનની ગાથા ગાતો રાષ્ટ્રધ્વજ લોલલોલ ઉડી રહ્યો છે.



પરીક્ષાની બલા

પરીક્ષાની બલા આપણા ઉછરતા વિદ્યાર્થીઓનું કેટલું લોહી ચુસી જાય છે એનો વિચાર આપણા વડીલ પરીક્ષક જનોને હજુ આવ્યો જણાતો નથી. તેઓ પોતાના દહાડા સાવ વીસરી ગયા હોય તેમ પરીક્ષાના દિવસોમાં જે સીતમ ગુજારે છે તે સામે લગભગ આખી વિદ્યાર્થીઆલમનો પોકાર છાનો નથી. પહેલવાન જેવા દેખાતા, બુદ્ધિના ભંડાર લાગતા વિદ્યાર્થીઓ પણ પરીક્ષાના ગાળામાં ખાવાપીવાનાં ચેન છોડી વાંચવાની લ્હાયમાં કેટલું લોહી સુકવે છે તે વાતના જોઇએ તેટલા પુરાવા પડ્યા છે. કંઇક વિદ્યાર્થીઓની આંખોમાં કુવા પડી જાય છે,' કંઇકનાં કાંડા-ઘડીઆળની સાંકળી ઢીલી પડે છે, કંઇકના કોટના કાંઠલા મોટા પડે છે, એકવારના બટન ન બીડાય તેવા સખત તસતસતા કોટ સાવ ખુલતા ઉડતા લાગે છે.

લાયકાતની માપણી

એક વરસને અંતે છેલ્લા બેત્રણ કલાકમાં જે જવાબો લખાય તેના ઉપર બાર માસનું પરિણામ તોળાઇ રહે એ કેવું બેહુદું અને કેટલું વિચિત્ર છે! સારાસારા વિદ્યાર્થીઓ આ દહેશતમાં ખરી વેળાએ ગુંચવાઇ જાય છે અને આવડતું હોય છતાં કશું લખી શકતા નથી. તેઓને શો અન્યાય થાય છે એનો વિચાર પરીક્ષકો કરશે કે? અમેરિકાની પરીક્ષા પદ્ધતિમાં તો બાર માસનું કામ ખાસ જોવાય છે, ગણત્રીમાં લેવાય છે; અને ઘણીવાર તો તે કામ પરથી જ વિદ્યાર્થી કોલેજમાં જવાનો અધિકારી થાય છે. પરીક્ષાની કઠોર તાવણીમાંથી નીકળી શકે તે જ લાયક માણસ, આવી માન્યતા ઝાઝે ભાગે આપણા દેશની થઇ ગઇ છે, અને તેથી જ અનેક માબાપો મને–કમને જાણ્યે–અજાણ્યે પોતાની ગરીબી છતાં હજારો રૂપીઆ ખરચીને પણ પોતાના બાળકોને પરીક્ષાની ચુલમાં દર વર્ષે ઓરી રહ્યા છે. તેની કલ્પના કોઇથી ન થઇ શકે તો આ વર્ષે મૅટ્રિકની પરીક્ષામાં બેઠેલા દસ હજાર 'ઉમેદવારો'નો આંકડો ધ્યાનમાં લેવા જેવો છે.

પરીક્ષાનાં પરિણામ

યુનિવર્સિટી–પરીક્ષા જ માણસને લાયકી બક્ષે છે એવું માનવાથી બીજી કેટલી નાલાયકી વધી છે તેનો વિચાર કોઇ કરે છે? વિદ્યાર્થીઓનાં તનમન શોષાઇ–કરમાઇ જતાં નથી તે કુટુંબની સેવા કરી શકતો કે નથી કોઇ પણ પ્રકારનો ઉદ્યમ ઉપાડી શકતો; નથી રહેતી તેનામાં સાહસ કરવાની હીંમત, કે નથી રહેતું તેનામાં મર્દાનગીનું કૌવત. રહે છે માત્ર કોઇપણ નોકરીની ડાળે વળગી જવાની નિર્માલ્ય વૃત્તિ. અને એવી કોઇક પગારની ડાળ મળી જતાં એ પ્રારબ્ધને બાંધે છે ને જીવનની કોઇ અનેકવિધ દિશાઓ તરફ આંખો બંધ રાખી ઘાંચીના બેલ જેમ વૈતરામાં આખી જીંદગી પુરી કરે છે.

જીવ્યા કરતાં જોયું ભલું
બોલ્યા કરતાં પાળ્યું ભલું
ખોયા કરતાં આપ્યું ભલું

ખરી કસોટી

ખરી પરીક્ષા માણસને માપેલા ચોકઠામાં દાબીને બીબા જેવો કરી ન મુકે. સાચી પરીક્ષા માણસને સત્વહીન ન બનાવી દે. એવી પરીક્ષા પાસ થએલાને જીવનની મુંઝવણ ન હોય. સાચી પરીક્ષા પાસ કરેલા તો 'સિદ્ધ' કહેવાય. તે ગમે ત્યાં જઇ બે પગ ઠેરવી કોણી મારી જગ્યા કરે. તન મન અને હૃદયની ખીલવણી તે જ ખરી પરીક્ષા અને ખરી કસોટી. એવી પરીક્ષાઓ ક્યાં યે હશે કે કેમ તેનો પ્રત્યક્ષ દાખલો ભાઇ દામોદર કોસંબીનું વૃત્તાંત આ અંકમાં બીજે આપ્યું છે તે ઉપરથી સમજાશે.

*

કેટલાંયે સુંદર ફુલો અણદીઠ ખીલી, કરમાઇ ખરી પડે છે, ને જગતને તેની ભાગ્યે જ જાણ પણ હોય છે.

ભાઇ જયંતિલાલ ચુનીલાલ રાવળ અઢાર વર્ષની કોમળ વયે, તેના ગુણોની ખબર કે કદર કોઇને થાય તે પહેલાં હમણાં ભાવનગરમાં ગુજરી ગયા. 'કુમાર' માટે તેને અનહદ પ્રેમ હતો. દોઢ બે વરસની ઝઝુમતા મૃત્યુવાળી એની માંદગી દરમીઆન જ્યારે જ્યારે એને મળવાનો અમને પ્રસંગ મળેલો ત્યારે એણે 'કુમાર' માટે અત્યંત લાગણી બતાવેલી: 'અરે, મને જરા ઠીક થાય તો હું ફરીફરીને સો

ગ્રાહકો તો ખુશીથી કરી દઉં.' એ ઠીક થવાનો દિવસ ન જ આવ્યો. પણ તેમના અંતઃકરણની સુવાસ અને અભિલાષા તો જગતમાં રહી ગઈ. પ્રભુ તે સુંદર પ્રેમમય આત્માને શાંતિ આપો.

*

'કુમાર' નો આ અંક તો ઘણો મોડો થશે. આ ઢીલ થતી જોઇ વાચકો કરતાં યે અમને વિશેષ ખેદ થાય છે. પરંતુ કેટલાક અનિવાર્ય પ્રસંગો એવા આવી પડે છે કે તે નિભાવ્યા વગર છુટકો નથી હોતો. હજી યે એક બે માસ એ સ્થિતિ રહેશે. 'કુમાર' પોતાના સ્વતંત્ર છાપખાનામાં છપાય એ દિવસ નજીક આવતો જાય છે. ત્યાર પછી તેની નિયમિતતા અને રૂપમાં ઘણા અસરકારક ફેરફારો થશે.

પોતાનું અંગતું છાપખાનું કરવા જેટલી કમાણી તો 'કુમારે' ક્યાંથી કરી હોય ? ગયા વર્ષની મોટી ખોટમાં છાપખાનાનો એ બીજો મોટો આંકડો 'દેવા' તરીકે જ ઉમેરાય છે.

જુવાન

ગુજરાતના એક વેગવાન અને પ્રબળ પ્રકૃતિના જુવાન તંત્રીને મેં પુછ્યું, 'અત્યારે ગુજરાતને શાની જરૂર છે ?' તેણે તરત જ જવાબ દીધો, 'બહાદુર, નીડર ને સ્વતંત્ર વિચારના જુવાનોની. પોતાના પગ પર, પોતાના અનુભવે, પોતાને જોખમે આ ધરતી પર કુચ કરી પોતાનો માર્ગ કરી લે એવા જુવાનીઆ ગુજરાતને જોઇએ છે.'

મેં ફરી પુછ્યું, 'ત્યારે આજનો જુવાન કેવો છે ?' જવાબ મળ્યો, 'આહ ! પેલો માઇકાંગલો, તકીઆ પર આળસ મરડતો, બગાસાં ખાતો ને પાન ચાવતો, વારેવારે પોતીઉં ઢીલું કરતો, ઢંગધડા વગરનો નમાલો ગુજરાતી જુવાન ! દેશને ભારરૂપ એવા કેટલા યે મુડદાલ જીવો નીશાળોમાં શેરીઓમાં કે શેઠીઆઓની દુકાને કારકુની ને મહેતાગીરી કરતા માખીઓની પેઠે બણબણે છે. નવરાશની વેળાએ બૈરીઓની પેઠે પારકી કુથલી કરતો, ઇશ્કી વાતોમાં રસ લેતો, તમાકુ બીડીનો વ્યસની, ડોળી, દંભી આપણો આજનો જુવાન ! મારી આગળ તેનું સ્મરણ પણ ન જોઇએ.

'એવા જુવાનોનાં ટોળાં જોઇ મારૂં હૈયું કકળી ઉઠે છે. ગુજરાત ઉપર નિરાશાનાં વાદળાં જેવા આ જુવાનો માટે મને લેશ પણ લાગણી કે દયા નથી. તેમને તેમનાં આળસ, વ્યસન, વિલાસ, દંભ અને નિર્માલ્યતામાં સડવા દો. એમની 'જુવાનો' માં ગણતરી ન કરો. કતલખાનાંમાં મરવા પડેલાં ઢોર જેવા તેઓ કાળના તૈયાર કોળીઆ છે.

'અને, તમે એમ પુછો છો, કે મારે કેવો જુવાન જોઇએ ?

'હા; મારે એવો જુવાન જોઇએ, જે દિવસ ઉગતાં છલંગ મારી આ કાળ સમી દુનીઆની સામે ધસે; ગમે તેવા કામથી કદિ પાછો હઠે નહિ; પોતાના કામ પર કોઈની દેખરેખ હોય કે ન હોય, પણ સોએ સો ટકા તન તોડીને મહેનત કરે; નિરાશા અને નાસીપાસીને વખતે બેફિકર બની આનંદની સીસોટી બજાવતો કુચ કરે; પૈસા કે વિલાસની લાલચોમાં લપટી માલિકને નુકસાન ન કરે, છતાં માલિકના પ્રપંચોને વશ પણ થાય નહિ; અસત્ય, અનીતિ કે અન્યાયની સામે ગમે તે જોખમે છાતી ફુલાવી અડગ ઉભો રહે; દુનીઆની ખોટી રૂઢી અને મુર્ખ કાયદાઓને ગમે તે પળે હીંમતપૂર્વક તરછોડી પોતાના અંતરાત્માના અવાજ અને પ્રેરણા પ્રમાણે જીવનરચના કરે; પોતે આપેલા ભોગની કે ત્યાગની બડાશો ન મારતાં સંયમપૂર્વક પોતાના કામ પાછળ દરેક કદમ કુચો જ જાય; દેશની ગાનહાનો જરાપણ સહન ન કરે; દુષ્ટ દુનીઆને લેશમાત્ર નમતું ન આપે; પોતાના આયુષ્યની ખોટી વાણીઆશાઇ ગણતરી કરી સાહસ ને શૌર્યને ગુંગળાવી ન નાખે; રાત ને દહાડો વિચારમાં ને વર્તનમાં નિશ્ચલતાથી ઉત્સાહભેર આગળ ને આગળ ધપતો રહે ને દુનીઆને પડકાર દે.'

'કુમાર' ને વધારે સુંદર નિયમિત અને સ્વતંત્ર થવા માટે એ વિના બીજો એક પણ રસ્તો ન હતો

• જે પરમ શક્તિએ 'કુમાર' જન્માવવાની પ્રેરણા કરી છે તેમાં અમને એટલી શ્રદ્ધા છે કે તે અમારામાં એને ટકાવવા જેટલું બળ અને વાંચનારાઓમાં એને નિભાવવા પુરતો સદ્ભાવ જરૂર પ્રેરશે. દરમ્યાન વાચકો 'કુમાર' ના ગ્રાહકો વધારવા માટે પોતાથી બનતું ન કરે ?

જે પ્રજા વ્યસન, વરઘોડા, જમણવાર અને સટ્ટામાં સેંકડો રૂપીઆની બરબાદી કરે છે, ને દાન ધર્માદામાં લાખો ખરચી શકે છે તે પ્રજામાં 'કુમાર' જેવું વિશાળ શિક્ષણ પ્રચારક, દરેક જણને ઉપયોગી અને કલાપૂર્ણ માસિક તદ્દન સ્વતંત્ર ન થઇ શકે તો તેનો અપયશ એકલા તંત્રી ઉપર તો નહિ જ રહે. તે પોતાથી બનતું બધું કરશે. તમારા તરફથી તમે પોતે કેટલું કરવા તૈયાર છો ?

બાદલવીર

ચીતોડની ગાદી ઉપર સંવત ૧૩૩૧ માં રાણા લક્ષ્મણસિંહ સગીર હતા, તેથી તેના કાકા ભીમસિંહ વાલી તરીકે રાજકારભાર ચલાવતા. ભીમસિંહ સિંહલદ્વિપના રાજા હમીરશંખની અદ્‌ભુત સુંદર કુંવરી પદ્મિનીને પરણ્યા હતા. પદ્મિની પીએરથી પોતાના કાકા ગોરા અને બાર વરસના ભાઈ બાદલને લઈ આવી હતી.

રૂપરૂપની મણિ જેવી પદ્મિની દીલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીને ડોળે ચડી. તે ચીતોડ ઉપર ચઢ્યો. તેણે ભીમસિંહને કહાવ્યું કે હું પદ્મિનીને જોવા આવ્યો છું.

પદ્મિનીએ વિચાર કર્યો કે મારા રૂપ માટે મેવાડ ઉપર આ વિપત્તિ! તેણે યવનરાજને કહેવડાવ્યું કે જીવતી રજપુતાણીનું મોં જોવા તો ન મળે; પણ દર્પણમાં પડેલું પ્રતિબિંબ જોઇ શકો.

અલાઉદ્દીન તો રાજમહેલમાં પદ્મિનીના ઓછાયાનું લાવણ્ય જોઈ મોહી પડ્યો. ભીમસિંહ તેને તંબુ સુધી વળાવવા ગયો તે વેળા વિશ્વાસભંગ કરી અલાઉદ્દીને તેને પરહેજ કર્યો અને ઢંઢેરો પીટાવ્યો કે પદ્મિની મળશે તો જ ભીમસિંહ છુટશે.

ગોરા અને બાદલ સાથે મસલત કરી સતી પદ્મિનીએ ભારે સાહસિક પગલું ભર્યું. તેણે બાદશાહને પેગામ મોકલ્યો કે ભીમસિંહને છોડાવવા સાતસો પાલખીઓ સાથે સખી મંડળને લઇ પોતે જાતે જ હજુરમાં આવે છે. તેણે દરેક પાલખીમાં શુરા સરદારોને સંતાડ્યા; દરેક ડોળીને ઉચકવા છ છ સૈનિકોને ભોઇના પોશાક સજાવ્યા.

સાતસો મ્યાનાઓ ચીતોડગઢમાંથી નીકળી બાદશાહની છાવણી આગળ આવી ઉભા. પદ્મિની ભીમસિંહને મળવા રહી અને કોઇ ન જાણે તેમ તેને પોતાના મ્યાનામાં બેસાડી પલાયન થઈ. વાતની જાણ પડી. સેંકડો સજ્જ વીરોએ રૂપ પ્રકાશ્યું. ભીષણ યુદ્ધ જામ્યું. યવન-દળ ઘાસની માફક કપાયું. પણ સેનાનાયક ગોરા અતુલ પરાક્રમ કરી રણમાં પડ્યો.

વીર બાળક બાદલ અજબ મર્દાનગીથી લડ્યો, ઘવાયો અને લોહીલોહાણ થયો. તેના ભાલા તલવાર આગળ કેટલાં ય માથાં રગદોળાયાં. બાર વર્ષના વીરનું આ શુરાતન જોઇ યવનોનો ગર્વ ગળી ગયો. બાદલનો ટેક હતો કે પદ્મિનીનું પતિવ્રત અને શીશોદીઆ કુળનું ગૌરવ સાચવવું. લોહીથી તરબોળ બાદલ ઘોડા ઉપર સવાર થઇ આખા કટકને સોંસરવું વીંધી ગયો, અને સ્વર્ગવાસી કાકા ગોરાના સમાચાર દેવા કાકી કને ચીતોડ દોડ્યો.

: પુનરાવળી છંદ :

૧

અલાઉદ્દીન ખિલજી જવ આવ્યો,
ચીતોડને જીતવા દળ લાવ્યો,
વીર્ય પ્રતાપ અખંડ બતાવ્યો
એવો કોણ હતો નરવીર?
કોની આજ કથા તે કરીએ,
કોનાં ગાન થકી ઉર ભરીએ,
કોની પ્રતિમા નજરે ધરીએ,
કોણ હતો એવો રણધીર?

બાર વસંત ન દીઠી પુરી,
બાદલવીર ! બાદલવીર !
કોમળ જેની કાંતિ મધુરી,
બાદલવીર ! બાદલવીર !
બાર વસંત ન દીઠી પુરી,
કોમળ જેની કાંતિ મધુરી,
અદ્‌ભુત તે શી પ્રતિમા શુરી
રણ શોભાવે બાદલવીર !

૨

ચિતોડના બાળકનૃપ પક્ષે,
ભીમસિંહ બંધુસુત રક્ષે,
તેની લલિતા રંભા લક્ષે
યવનેશ્વર મોહી થઇ પુર;—
અલાઉદ્દિન ઘેરો લઇ આવ્યો,
નહિ નિજ આશ વીશે કંઇ ફાવ્યો;
છળકપટે ભીમસિંહ બંધાવ્યો:
રમણી દે તો છુટે શુર!

શું રજપુતાણી યશ ખોશે?
બાદલવીર ! બાદલવીર !
શું વીર ભ્રષ્ટ કુસુમ એ જોશે ?
બાદલવીર ! બાદલવીર !
શું રજપુતાણી યશ ખોશે ?
શું વીર ભ્રષ્ટ કુસુમ એ જોશે ?

ના, ના, શુર પડ્યા ના રોશેઃ
હાક પડાવે બાદલવીર!

૩

અલાઉદ્દીન ગર્વે નિજ ફુલે,
એવે કંઇ સુણતાં ઉર ફુલે,
ચીતોડની પદ્મિની ત્યાં ઝુલે
દ્વારે નિજ દાસીઓ સાથ:
ડોળીઓ શતસપ્ત પધારી,
યવનમુકામ સમીપ ઉતારી,
રમણી સાટે રણવીર ભારી
નીકળ્યા અસિ ફેરવતા હાથ!

ગોરા કાકા શું ત્યાં ધ્રુમે,
બાદલવીર! બાદલવીર!
થઈ રજપુત સરદાર ઝઝુમે,
બાદલવીર! બાદલવીર!
ગોરા કાકા શું ત્યાં ધ્રુમે,
થઈ રજપુત સરદાર ઝઝુમે,
રિપુદળ ધુળ પળેપળ ચુમે:
રણ ધ્રુજાવે બાદલવીર!

૪

હથીઆરે વીજળી ચમકેઓ,
રણગગડાટે ધરણી ધમકે,
વીર બાળક અશ્વે ત્યાં ઠમકે,
ન ગણે ઘા નિજ સૌમ્ય શરીર!
ગોરો ભૂમિ પડ્યે ના ખાંચ્યો,
ભીમસિંહ મુક્ત કરીને રાચ્યો,
બળવંતા અરિને શિર નાચ્યો:
વિજયી આવ્યો બાદલવીર!

માતાએ ચુંબ્યો લઈ ખોળે,
બાદલવીર! બાદલવીર!
દુનીઆ ચક્ષુ વીરત્વે ચોળે,
બાદલવીર! બાદલવીર!



માતાએ ચુંબ્યો લઇ ખોળે,
દુનીઆ ચક્ષુ વીરત્વે ચોળે,
ભારત ગર્વે હૃદય હીંચોળે:
ફરી ક્યાં લાવે બાદલવીર?

અરદેશર ફરામજી ખબરદાર

['સંદેશિકા'માંથી]

છત્રપતિ શિવાજી મહારાજ

નરકેસરી નેપોલીઅનની બાબતમાં બન્યું તેમ અંગ્રેજ ઇતિહાસલેખકોએ જેના પુણ્યનામને 'ડુંગરનો ઉંદર' કહીને અપમાન આપ્યું છે તે શિવાજી મહારાજ આખા હીંદના છત્રપતિને ગોબ્રાહ્મણ પ્રતિપાળ છે.

છત્રપતિ શિવાજી સમયમૂર્તિ હતા અને તેમણે યુગધર્મ પાળ્યો છે. એક જીંદગીમાં તેમણે હીંદુસ્તાનનો ફેરબદલો કર્યો. ડગલે ને પગલે એમના સાહસિક આત્માએ દુનીઆની ઠોકરો ખાધી ને અનુભવ મેળવ્યો, પણ આશા અને ધીરજની પાંખોએ એ સદા આગળ ધપ્યા.

એક સાદા જાગીરદારમાંથી એ મોટા સમ્રાટ થયા. નીઝામશાહી, આદીલશાહી અને મોગલશાહી જેવી શહેનશાહતો સામે ટક્કર ઝીલી મહાન મરાઠી સામ્રાજ્યનો પાયો નાખ્યો, સ્વતંત્રતાનો ઝુંડો રોપ્યો અને હીંદુ સંસ્કૃતિને સજીવન કરી. આખો ભરતખંડ શિવાજી મહારાજના ઋણુ તળે છે. એ વેળા પ્રજાને સ્વાતંત્ર્યનું પહેલું ભાન શિવાજી મહારાજે કરાવ્યું.

આજે પણ સૌકોઇ હીંદી જુવાનોને જેમનું સાહસિક અને વ્યવહારૂ જીવન ઘણે અંશે આદર્શ રહ્યું છે તે છત્રપતિ શિવાજી મહારાજનું સ્મરણુ, આ માસમાં આવતી એમની જયંતિને પ્રસંગે પુણ્યરૂપ થશે એમ સમજી એમના જીવનની છુટીછવાઈ વાતો નીચે ઉતારીએ છીએ.

મેવાડના શીશોદીઆ મહારાણા દેવરાજજી મુસલમાન બાદશાહોના ત્રાસથી કંટાળીને દક્ષિણમાં આવ્યા. ત્યાં પણ મુસલમાનોની બીકે પોતાનું નામ ભોંસાવંત ભોંસલે રાખ્યું. એમની દસગી પેઢીએ ઇ. સ. ૧૫૩૩માં બાબાજી નામનો પુત્ર થયો. બાબાજી ભોંસલેને બે દીકરાઃ માલોજી અને વીઠોજી. એમાંના માલોજી તે શિવાજી મહારાજના દાદા થાય.

માલોજી પ્રથમ સીંદખેડના દેશમુખ લુકજી જાધવરાવને ત્યાં પાંચ હોન (એ વેળાનો સીક્કો) ના પગારથી સાધારણ સીપાઈ તરીકે નોકર રહ્યા. લુકજી જાધવરાવને અહમદનગરની નીઝામશાહીમાં બાર હજાર ઘોડેસવારની મનસબદારી હતી. તેની ભલામણથી માલોજીને મૂર્તિજા નીઝામની નોકરી મળી; પરંતુ ખરી રીતે તો એ જાધવરાવના જ તાબામાં હતા.

માલોજીનો પુત્ર શાહજી અને જાધવરાવની પુત્રી જીજાબાઇ એ બંને નાનાં હતાં ત્યારથી જ એ બેને પરણાવવાનું વાગ્દાન માલોજી અને જાધવરાવે દીધેલું. પણ પાછળથી તકરાર પડી. માલોજીએ નીઝામને ફરીઆદ કરી. નીઝામે માલોજીને 'રાજા'ની પદવી, બે પરગણાં તથા બે કીલ્લા દીધા. નીઝામે માલોજીની

તરફદારી કરી તેની મોટાઇ વધારી એ જોઇ જાધવરાવે આગલું સગપણ કબુલ રાખ્યું, અને બાદશાહ મૂર્તિજા નીઝામે વચ્ચે પડી, બંને કુટુંબને બોલાવી દોલતાબાદમાં શાહજી તથા જીજાબાઇનાં લગ્ન કરી આપ્યાં.

સસરો-જમાઈ

થોડાક વરસ પછી લુકજી જાધવરાવે લાલચમાં પડી નીઝામનો રાજદ્રોહ કર્યો અને મોગલોના પક્ષમાં ભળી નીઝામશાહ સામે લડવા ઉઠ્યો. માલોજી તથા તેનો પુત્ર શાહજી રાજા તો નીઝામના પક્ષમાં જ હતા. નીઝામની સાથે શાહજી રાજા એક કીલ્લામાં ભરાયો હતો, તેને જાધવરાવે મોગલ લશ્કરની મદદ વડે ઘેરો ઘાલ્યો. શાહજીએ લાંબો વખત ટક્કર ઝીલી, પણ જાધવરાવની શીખવણીથી નીઝામની માતાની શાહજી ઉપર ખફા મરજી થઇ, તેથી શાહજી કીલ્લામાંથી છુપી રીતે ચાલી નીકળ્યો. જાધવરાવને આ વાતની ખબર પડતાં તે તેમની પાછળ પડ્યો.

આ દોડધામમાં શાહજી સાથે તેની સ્ત્રી જીજાબાઇ તથા ત્રણચાર વર્ષનો પુત્ર સંભાજી પણ હતાં. વળી જીજાબાઇ ગર્ભવંતી હતી. જીજાબાઇને ઘોડા ઉપર બેસાડી થોડા ગાઉ દૂર ગયા હશે એટલામાં તેને પેટમાં પીડ ઉપડી. આથી, નજીકના શિવનેરીના કીલ્લામાં પોતાના એક વિશ્વાસુ મિત્રના રક્ષણ હેઠળ જીજાબાઇને મુકી શાહજી આગળ નાઠા.

પતિવ્રતા જીજાબાઈ


પાછળ પડેલો જાધવરાવ શિવનેરીના કીલ્લા આગળ આવી પહોંચ્યો. માણસોએ તેને સમજાવ્યો કે તમારે વેર હોય તો શાહજી સાથે છે; તમારી પુત્રીએ કાંઇ વાંક કર્યો નથી. કદાચ મોગલો એને ઉપાડી જશે તો કોની આબરૂ જશે? તે ઉપરથી જાધવરાવ જીજાબાઇને મળવા.. ગયો અને પીએર આવી રહેવા કહ્યું. પરંતુ સ્વતંત્ર સ્વભાવની અને પતિભક્ત જીજાબાઇએ જવાબ દીધો કે 'મારા પતિને બદલે હું તમારા હાથમાં આવી છું. તો તમારે જે શિક્ષા કરાવી હોય તે મને કરો.' જાધવરાવે તેને માથે માયાળુ હાથ ફેરવી સમજાવી કે વેર બાંધતાં બંધાઇ ગયું, પણ હવે તમે આપણે ઘેર ચાલો. જીજાબાઇએ ચોખ્ખી ના ભણીને પતિનું ગૌરવ રાખ્યું. કહેવાય છે કે ત્યાર પછી જીંદગી સુધી તે કોઇ દિવસ પીએર ગયાં નહિ.

જન્મ

શાહજી રાજાનું શું થશે તેની ચિંતામાં ને ચિંતામાં જીજાબાઇને તાવ ભરાયો. આ વિપત્તિ ટળે તેટલા સારૂ એમણે શિવાઈ દેવીની બાધા લીધી કે જે બાળક જન્મશે તેનું નામ દેવીના નામ ઉપર પાડીશ. પુરા માસે સંવત ૧૬૮૩ના વૈશાખ શુદ પાંચમ ને સોમવારે (ઇ. સ. ૧૬૨૭ ના એપ્રિલની ૧૦ મી તારીખે) શિવનેરીના કીલ્લામાં જીજાબાઈને પુત્ર અવતર્યો. શિવાઇ દેવીના પ્રસાદ રૂપ આ પુત્રનું નામ શિવાજી પાડ્યું.

બાળપણના સંસ્કાર

ત્રણ વરસ તો માદીકરાએ આ કીલ્લામાં જ



શિવનેરીનો કીલ્લો: શિવાજીનું જન્મસ્થાન

ગાળ્યાં. ત્યાર બાદ મોગલોના હાથમાં પકડાતાં બચ્યાં અને અંતે ઇ. સ. ૧૬૩૭ માં મા દીકરો શાહજી રાજા કને વીજાપુર આવ્યાં. અહીં શાહજીને આદીલશાહનો આશ્રય મળ્યો હતો. શાહજી રાજાએ પોતાની પુનાની જાગીરનો સઘળો વહીવટ દાદાજી કોંડદેવને સોંપ્યો હતો. તેની સાથે તેમણે જીજાબાઇ અને શિવાજીને પુને મોકલ્યાં. ઇ. સ. ૧૬૪૦ માં શાહજી રાજાની સંમતિ મેળવી દાદાજીએ સઇબાઇ નામે એક કન્યા સાથે શિવાજીનું લગ્ન કર્યું.

ચૌદ વર્ષના શિવાજી યુદ્ધકળામાં હોશીઆર હતા શરીરે સુદૃઢ અને ચહેરે દેખાવડા હતા. હાથીઘોડા તથા અસ્ત્રશસ્ત્રના અભ્યાસ અને પરીક્ષાનો તેને શોખ લાગ્યો. જીજાબાઇના બધા ગુણ—ધીરગંભીર સ્વભાવ ને સ્વાતંત્ર્યપ્રેમ, સ્વાભિમાન ને મહત્ત્વાકાંક્ષા, ચતુરાઈ અને બુદ્ધિ તેને મળ્યા હતા. હીંદુધર્મની આસ્થા અને યવનદ્વેષ પણ માતાના બોધનું જ ફળ હતું. કોઇની પણ નોકરી કે તાબેદારી કરવી એ શિવાજીના સ્વાભાવથી તદ્દન વિરૂદ્ધ હતું.

દાદાજી કોંડદેવ

મહારાજનું બીજું શિક્ષણ દાદાજીને હાથ હતું. દાદાજીને એ કહેતા કે હું નાનો છું એ કારણસર જો તમે કોઇ પણ કામ મને સમજાવો નહિ તો પછી હું હોશીઆર કેમ થાઉં ?

શાહજી રાજાની જાગીર-વ્યવસ્થામાં દાદાજીએ એક એવો ધારો કર્યો હતો કે બગીચામાંથી કોઇ એક પણ ફળ તોડે નહિ. એક વખત શિવાજીને સાથે લઇ દાદાજી બાગમાં ફરતા હતા. અજાણતાં જ દાદાજીથી એક પાકી કેરી તોડાઇ ગઈ. તેને પેલો ધારો યાદ આવ્યો. કાયદાનો ભંગ કરવા બદલ તેણે પોતે એ સજા ખમવા મનમાં ઠરાવ કર્યો અને તરત જ પોતે જે હાથે ફળ તોડેલું તે હાથ કાપી નાખવા દાદાજીએ પોતાનાં માણસોને હુકમ કર્યો. માણસોએ જણાવ્યું કે આ બાગ આપે બનાવ્યો છે તેથી આપ તેના માલીક છો; પણ દાદાજી માન્યા નહિ.

આખરે માણસોએ બહુબહુ વીનવણી કરી ત્યારે દાદાજીએ એક ઝટકે પોતાના અંગરખાની બાંહ્ય ફાડી નાખી અને દંડના ચિહ્નરૂપ જીંદગીભર એવું બાંડીઉં અંગરખું જ પહેર્યું ! આવા સમર્થ ગુરુ આગળ શિવાજી શું ન શીખે ?

આદીલશાહની કચેરીમાં

મુરારપંત નામના એક માણસે આદીલશાહ આગળ શાહજીના ગુણવાન પુત્રની પ્રશંસા કરી, તેથી શિવાજીને જોવાની બાદશાહને મરજી થઇ. તેણે શિવાજીને કચેરીમાં તેડી લાવવા મુરારપંતને કહ્યું. મુરારપંતે શાહજીને જણાવ્યું અને શાહજીએ શિવાજીને વાત કરી. બાદશાહની મુલાકાત લેવાનું મન શિવાજીને મુદ્દલ નહોતું. તેણે પિતાને કીધું કે જે ઠેકાણે બ્રાહ્મણોની નિંદા થાય છે અને જે રસ્તે ગોવધ થાય છે ત્યાં થઇને જવા હું ખુશી નથી આખરે બહુ સમજાવવાથી શિવાજી કચેરીમાં જવા તૈયાર થયા. શિવાજીને દરબારમાં જતા અગાઉથી બાદશાહને ભોંય સુધી હાથ લંબાવી મુજરો કરતાં શીખવ્યું. પણ શિવાજી કચેરીમાં દાખલ થતાવેંત સલામ કરી પિતાજી પાસે બેસી ગયા. આદીલશાહે છોકરાને જોઇ મુરારપંતને કહ્યું કે શાહજી રાજાનો પુત્ર આ ? પંતે હા કહી. બાદશાહની શંકા મટાડવા શાહજી રાજાએ પંતને કીધું કે તમે બાદશાહને કહો કે છોકરે કોઇ દિવસ દરબાર જોયો નથી એટલે કાંઇ રીતભાત જાણતો નથી. પંતે આ વાત બાદશાહને સમજાવી. શાહે શિવાજીને વસ્ત્રો ને ઝવેરાત ભેટ દીધાં. પણ શિવાજીએ ઘેર આવી દરબારી વસ્ત્રો એક બાજુ ફેંકી સ્નાન કરી નાખ્યું.

આ પ્રસંગ પછી ઘણીવાર શિવાજી કચેરીમાં જતા, પણ સાદી સલામ કરીને બેસી જતા. બાદશાહે શિવાજીને તેડાવી આમ કરવાનું કારણ પુછ્યું. સમયસૂચક શિવાજીએ હાજરજવાબ દીધો કે 'મારા પિતાજી તો ઘણું યે કહે છે, પણ હું છેક છેલ્લી ઘડીએ બાદશાહ સલામતને મુજરો કરતાં ભુલી જાઉં છું. આપ અને મારા પિતા બંને મારે મન એક છો. જે દહાડે આપને જુદા જાણીશ તે વખતે જરૂર મુજરો કરીશ.' આવાં વચન સાંભળી બાદશાહને હસવું આવ્યું.

શાહજી અને શિવાજી જે રસ્તે થઇને કચેરીમાં જતા ત્યાં આગળ કસાઇઓની ગોમાંસની દુકાનો

હતી. ગોવધના બનાવો જોઇ શિવાજીનું અંતર ચીરાઈ જતું. એક દિવસ તેણે પિતાને પ્રાર્થના કરી કે આ દેખાવ મારાથી જોયો જતો નથી; માટે એ બંધ થાય તો જ મને દરબારમાં આવવા આગ્રહ કરજો. શાહજી વિચારમાં પડ્યા. એવામાં મીર જુમલા કરી એક સરદાર કાંઇ મસલત કરવા આવી ચડ્યો. રાજાએ બધી હકીકત તેને કહી. સરદારે શિવાજીને ઘેર રહેવા દેવા સલાહ આપી.

દરબાર પુરો થયો એટલે બાદશાહને ખુશમીજાજ જોઇ સરદાર મીર જુમલાએ વાત કાઢી કે હીંદુ અને મુસલમાન બંને હજુરની પ્રજા છે. તેથી ગોહત્યા જોઇને હીંદુઓનાં દિલ દુભાય એ કુદરતી છે. વળી આપને શાહજી જેવા આબરૂદાર સરદાર છે. તેમને ખોટું ન લાગે એ આપે જોવાનું છે. શિવાજી આજ કચેરીમાં આવ્યા નથી તેનું કારણ આ જ છે. બાદશાહે હુકમ કાઢ્યો કે 'શહેરમાં કોઈ ગોવધ કરે નાહ, તેમ જ દુકાનમાં માંસ વેચે નહિ. હુકમ ન માનનારને સખ્ત નસીહત થશે.' ત્યારથી ગામ બહાર જુદો જ કસાઇવાડો થયો અને શિવાજી પણ પિતાની જોડે દરબારમાં જવા લાગ્યા. આદીલશાહ તો તેની હુશીઆરી, તેજ અને આગ્રહ જોઇ ખુશખુશ થઇ ગયો.

એકવાર કચેરીમાં બાદશાહે પુછ્યું, 'શિવાજીની સાદી થઇ છે કે નહિ?' શાહજીએ કહ્યું 'હા, હજુર. એ પુને હતો ત્યારે જ થએલી છે.' બાદશાહ બોલ્યા, 'હું અને તમે હાજર નહોતા અને લગ્ન થયું એ કેવું લગ્ન! ખુબ ઠાઠમાઠથી બીજી સાદી કરો.' આ આગ્રહને વશ થઇ શાહજીએ સોયરાબાઇ નામે એક સુલક્ષણી કન્યા સાથે શિવાજીનો બીજો વિવાહ કર્યો!

સ્વતંત્રતાની તૈયારી

આ વખતે માવળા લોક ઘણા જંગલી, દુ:ખી અને પુરૂં ખાવા પણ ન મળે એવી કંગાલ હાલતમાં હતા. પરંતુ પ્રમાણિક, વિશ્વાસુ અને ભોળા હતા દાદાજીની દૃષ્ટિ તેમના ઉપર ગઇ. તેણે તેઓને નોકરીમાં રાખ્યા, અન્નવસ્ત્ર દીધાં અને તેમની એક આખી પલટણ બનાવી. શિવાજી આ સઘળું જોતા હતા અને એ જાતિની જરૂરીઆત સમજતા હતા. પોતાના સ્વરાજ્યમાં અને સ્વતંત્રતામાં તેમનો ઉપયોગ કરવા તેણે પાકો નિશ્ચય કર્યો.

શાહજીની જાગીરની આસપાસના પહાડી પ્રદેશમાં ઘણા માવળા રહેતા. તેઓને પોતાના ભરણપોષણ માટે ઘોર જંગલોમાં રાતદહાડો રખડવું પડતું તેથી તેઓ છુપા માર્ગો ને કેડીઓના ભોમીઆ હતા. શિવાજીએ તેમની ભાઇબંધી બાંધી. પોતે જે જે ગામ ફરવા જાય ત્યાં તેઓને સાથે લે અને નાની જેવી બક્ષિશો આપે. આથી તેઓ સંતોષી અને રાજી રહેતા તેમજ પોતાના જુવાન અને પ્રેમાળ અન્નદાતા માટે મરી પડતા. પોતાના આ સરદાર માટે તેમને અભિમાન અને ભક્તિ ઉત્પન્ન થયાં. મહારાજે માવળા લોકના આગેવાનો યેસાજી કંક, તાનાજી માલસુરે અને બાજી ફ્લસકરને મિત્રો કરી લીધા. આમ સ્વરાજ્ય સ્થાપનાનું અને સ્વતંત્રતાની સિદ્ધિનું પહેલું પગથીઉં માવળા લોક થયા.

હવે મહારાજ જંગલો ભમવા મંડ્યા અને સૌની જોડે સ્નેહસંબંધ બાંધવા લાગ્યા. દરેક દેશમુખને તે ગામેગામ મળવા જતા અને મીઠાશથી વાતો કરી વિશ્વાસ બેસાડતા. પ્રજા પણ મુસલમાની રાજ્યના ત્રાસે થથરી ગઇ હતી, તેથી શિવાજીની સ્વરાજ્યની ઇચ્છા જાણી રાજીરાજી થઇ.

રાજ્યકારભાર ચલાવવાની બધી તાલીમ શિવાજી દાદાજી આગળ લેતા. જમીનનું મહેસુલ, લશ્કરની ગોઠવણ તેમજ ન્યાય અને તર્ક વગેરેના અભ્યાસમાં ધ્યાન આપતા. આજુબાજુના પ્રાંતોમાં જઇ મહત્ત્વનાં સ્થળો તપાસતા, ઉપયોગી કીલ્લાઓ નજરમાં રાખતા અને યવનોનો બંદોબસ્ત જોતા. મોગલોના કબજામાં જે કીલ્લાઓ હતા તે મેળવી લેવા મહારાજે ધાર્યું. આમાં લડાઇ કરવા કરતાં કળા જ વાપરવાની હતી. શિવાજીએ પહેલો તોરણાનો કીલ્લો હાથ કર્યો. કીલ્લાના રખવાળને કહેવડાવ્યું કે આજે અમે બાદશાહ કનેથી તે લેવાના જ છીએ. બીચારો રખવાળ તરત જ કીલ્લો સોંપી ચાલી ગયો. મહારાજે આદીલશાહની હદમાં આવેલો કોંડાણાનો કીલ્લો લીધો અને તેનું નામ સિંહગઢ પાડ્યું. એ ઉપરાંત કંઇક બળથી ને કંઇક કળથી પુરંદર, વીસાપુર, ચાકણ વગેરે કીલ્લા મેળવ્યા



જુવાન શિવાજી

અને વશદાર માવળાઓને તેના રખેવાળ નીમ્યા.

ભવાની તલવાર

એક ચઢાઇમાંથી મહારાજ પાછા વળતા હતા એવામાં તેમના સાંભળવામાં આવ્યું કે ગોવલકર સાવંતને ઘેર ત્રણસો હોન કીંમતની એક પ્રસિદ્ધ તલવાર છે. અંગત માણસોએ આ તલવાર કબજે લેવા મહારાજને ભલામણ કરી. મહારાજે જણાવ્યું કે કોઇપણ સજ્જન પાસે કાંઇ સારી વસ્તુ હોવાનું સાંભળી વીર પુરુષ તે મેળવવાની વાસના કરતો નથી. સાવંતે આ વાત સાંભળી. તેણે આવા પ્રતાપી પુરુષની મિત્રાચારી કરવાની તક સાધી અને મહારાજની મુલાકાત કરીને તલવાર ભેટ ધરી. આ કીંમતી ભેટના બદલામાં શિવાજીએ તેને ત્રણસો હોન તથા પોશાક દીધો અને પોતાની ચાકરીમાં રાખ્યો. મહારાજને આ તલવાર ઘણી વહાલી હતી, અને દરેક લડાઇમાં તેને સાથે જ રાખતા. મહારાજે તેનું નામ 'ભવાની' રાખ્યું. એ તલવાર મહારાજને જીત કરાવતી. મહારાજ હમેશ તેની પૂજા કરતા.

સંકટનું નિવારણ

શિવાજીએ બીજાપુરની હદમાં ધમાલ મચાવી હતી, કલ્યાણ પ્રાંત કબજે લીધો હતો, સરકારી ખજાનો લુંટ્યો હતો અને કેટલાક કીલ્લા લેવાની તજવીજ ચલાવી હતી. એ બધું આદિલશાહે સાંભળ્યું ત્યારે તેને શંકા પડી. તેણે શાહજી રાજાને પત્ર લખી મોકલ્યો કે 'તમે પ્રમાણિક અમીર છો છતાં તમારો પુત્ર રાજ્યની વિરૂદ્ધ વર્તે છે એ સારૂં નથી. તમે જો એને સમજાવશો નહિ તો બાદશાહની નાતરાજી થશે.' શાહજીએ ઉત્તર વાળ્યો કે 'શિવાજી મારો પુત્ર છે પણ તે મારી આજ્ઞામાં નથી. એ વિફર્યો છે. હું બાદશાહનો રાજભક્ત નોકર છું. આ બાબતમાં મારી હા કે મારો હાથ નથી. આપ એને મુનાસબ કરો તેમાં મારી શરમ રાખશો નહિ.' પણ બાદશાહને આ જવાબથી સંતોષ વળ્યો નહિ.

આથી આદીલશાહે બાજી ઘોરપડેને છાનો હુકમ કર્યો કે 'શાહજી રાજાને યુક્તિ કરી બીજાપુર લાવી કેદ કરો.' ઘોરપડે એ પ્રપંચ રમી શાહજીને બીજાપુર લાવી કબજે કર્યા.

શિવાજી આ સમાચાર જાણી વિચારમાં પડ્યા. પિતા ઉપર આ સંકટ પોતાને લીધે આવ્યું છે તેથી એને દુઃખ થયું. બીજી બાજુ તે પોતાની સ્વતંત્રતાની લડત અટકાવી દઇ શકે એમ પણ નહોતું. મહારાજને ચિંતાગ્રસ્ત જોઇ સઇબાઇએ કહ્યું કે 'અમે સ્ત્રીજાત છીએ. અમારી બુદ્ધિ કેટલી? પણ આપે સ્વરાજ્ય, સ્વધર્મ અને ગૌબ્રાહ્મણના રક્ષણનો સંકલ્પ કર્યો છે તે છોડશો નહિ. ઇશ્વર ઉપર વિશ્વાસ રાખો.' મહારાજને આથી સંતોષ થયો. તેણે માતા તથા પ્રધાનની સલાહ પણ લીધી. વળી મહારાજ પોતે અટલ આગ્રહી હતા. તોપણ આ સંકટકાળ હતો. એક તરફ સંકલ્પ---બીજી તરફ પિતાનું રક્ષણ. પણ મહારાજનો ગુણ એવો હતો કે ગમે તે ભોગે આરંભેલું કામ પુરૂં કરવું.

શિવાજી મહારાજે આ કટોકટીને સમયે મોગલ બાદશાહની મદદ માગી. તેમણે શાહજહાંને તરત જ સંદેશો કહેવડાવ્યો કે બીજાપુરની સરકાર મારા પિતાને ભીંતમાં ચણી લઇ મારી નાખવાનો મનસુબો કરે છે તેમાંથી આપ છોડવો. હું આપની નોકરીમાં રહેવા તૈયાર છું. શાહજહાને તરત જ બીજાપુર સરકારને એક ખરીતો લખી મોકલ્યો કે શાહજી રાજા ભોંસલેને કોઇ જાતની સજા વગર છોડી મુકવા. આદીલશાહ

ડરી ગયો. તેણે શાહજીને જામીન ઉપર છોડયા અને વીજાપુરમાં ઇ. સ ૧૬૪૯ થી ૧૬૫૩ સુધી નજરકેદ રાખ્યા. તે દરમિયાન શિવાજીએ વીજાપુર સામે ઘણી લડાઇઓ કરી, પોતાની આણ મનાવી અને ખંડણી ઠરાવી. તે પોતાના પિતાને છાના કાગળો પહોંચાડતા અને કુશળ સમાચાર જાણી લેતા.

પિતૃદર્શન

હવે શાહજીરાજાએ મહારાષ્ટ્રમાં જવા માટે વીજાપુર સરકારની રજા લેવા બહાનું કાઢ્યું કે મારે ઇષ્ટદેવની બાધા છે તે ઉતારવી જોઇશે. બાદશાહે રજા આપીને કહ્યું કે 'તમે સ્વદેશ જાઓ છો તો તમારા પુત્રને ફોસલાવી અહીં તેડી લાવજો. અમે તેને વજીરનો હોદ્દો આપીશું.'

શાહજી પ્રથમ તુલજાપુર આવ્યા. તેણે પોતાના પુત્રનો વિજય થયો હોવાથી એક લાખ રૂપીઆનું સોનું લઇ શિવાજીની મૂર્તિ ઘડાવી અને ભવાની દેવીને ભેટ કરી.



છત્રપતિ શિવાજી મહારાજ

શિવાજીએ પિતાના આદરસત્કાર સારૂ બધી તૈયારીઓ કરી રાખી હતી. કેટકેટલાં વરસો વીત્યે આજ પિતાપુત્ર મળવાના હતા. બ્રાહ્મણોએ કહ્યું કે લાંબા વિજોગને લીધે જીજાબાઇએ પોતાના પતિને દેવાલયમાં મળવું. સામૈયું થયું. જેજુરીના મંદિરમાં શાહજીએ યથાવિધિ પૂજા કરી. પછી રીવાજ મુજબ એક કાંસાની થાળીમાં ઘી રેડી અંદર સૌએ એકમેકના મોં નિહાળ્યાં. સૌ હળ્યાંમળ્યાં. શાહજી ઉપર પ્રાણઘાતક સંકટ પડેલું તેની શિવાજીએ માફી માગી. પણ પિતા આવા પરાક્રમી પુત્ર ઉપર પ્રસન્ન જ હતા.

પણ પિતાપુત્રનો આ મેળાપ છેલ્લો જ હતો. બે વર્ષમાં તો શાહજી ગુજરી ગયા. જીજાબાઈ તેમની પાછળ સતી થવા તૈયાર થયાં. શિવાજી મહારાજને પારાવાર શોક થયો. તેમણે કહ્યું કે આજ લગી મારા માથા પર છત્ર હતું; હવે હું કેવળ નિરાધાર થઇ પડયો છું. પુત્રનું આ દુઃખ જોઇને વત્સલ માતા જીજાબાઇએ સતી થવાનું બંધ રાખ્યું.

ઔરંગઝેબના પંજામાં

જયસિંહ મહારાજની દરમ્યાનગીરીથી શિવાજી

ભગવો ઝુંડો

શ્રી સમર્થ રામદાસ સ્વામી નામના એક મોટા સાધુ પુરુષ શિવાજી મહારાજના સમયમાં જ થઇ ગયા. શિવાજીનો એમના પ્રત્યે અનહદ ભક્તિભાવ હતો અને એમની આજ્ઞા કદિ ઉલ્લંઘતા નહિ. સ્વામીજીના બોધથી મહારાજની વૃત્તિ બદલાઈ ગઇ હતી અને એમને વિરક્તિ ઉપજી હતી. એવું કહેવાય છે કે શિવાજી મહારાજે પોતાના સ્વરાજ્ય ઝુંડાનો રંગ રામદાસ સ્વામીના વસ્ત્ર ઉપરથી રાખ્યો હતો. એકવાર મહારાજની સવારી સતારામાં પડી હતી. એવામાં રામદાસ સ્વામી શિષ્યો સુદ્ધાં માધુકરી કરતા કરતા શિવાજી મહારાજના મહાલય આગળ આવી ઉભા, અને ભિક્ષા માગી. મહારાજને ખબર થઇ. તેમણે એક ચીઠ્ઠી લખાવી. એમાં આવા શબ્દો હતા: 'આજસુધી મારૂં મેળવેલું રાજ્ય ભિક્ષામાં અર્પણ હો.' ચીઠ્ઠી ઉપર મહોર કરી મહારાજે સ્વામીજીની ઝોળીમાં નાખી પ્રણામ કર્યાં. સ્વામીજીએ પુછ્યું, 'મહારાજ, અન્નને બદલે આપે આ ચીઠ્ઠી શાની નાખી?' મહારાજે કહ્યું, 'સ્વામીજી, જે આપવું ઘટે તે જ દીધું છે.' સ્વામીજીએ ચીઠ્ઠી વંચાવી જોઇ, અને બોલ્યા, 'શિવબા, રાજ્ય તો તેં આપી દીધું. હવે તું શું કરશે ?' મહારાજે કહ્યું, 'બીજા શિષ્યોની માફક આપની સેવામાં રહીશ.' સ્વામીજીએ પુરુષાર્થ સંબંધે બહુ બોધ દીધો અને રાજ્ય કરવાની આજ્ઞા કરી.' મહારાજ કબુલ થયા, પણ સમર્થ રામદાસ સ્વામીનું રાજ્ય છે એ બતાવવા ભગવા રંગનો ધ્વજ ચડાવ્યો.

અંતકાળ

ઇ. સ. ૧૬૮૦માં મહારાજને છેવટની ગંભીર માંદગી આવી. તેમનાં અંતકાળનાં વચનો આ હતાં:

'મારા આયુષ્યની મર્યાદા આવી છે. હવે મારો દેહ ટકે એમ લાગતું નથી. ચોવીસ હજારની જાગીરમાંથી એક કરોડ હોમનું રાજ્ય મેં મેળવ્યું છે. પણ મારી પાછળ રાજ્ય ચલાવે એવો શુરવીર પુત્ર નથી. સંભાજી પાટવી છે પણ તેનામાં બુદ્ધિ નથી. રાજારામ નાની ઉમરનો છે. તે જીવશે તો મારૂં રાજ્ય સંભાળીને વધારશે.' સરદારો ને સગાંવહાલાંને સંબોધીને તેમણે કહ્યું કે 'સૌ સંપથી વર્તજો; સાવધ રહેજો; રાજ્યનું રક્ષણ કરજો. ભરતખંડ જીતી સ્વરાજ સ્થાપવું, દીલ્હીનું તખ્ત લેવું, અટકની પેલેપાર દિગ્વિજય કરવો એ બધી મારા મનની આકાંક્ષા અધુરી રહી.' એમ કહી મહારાજે સૌને જવાની આજ્ઞા કરી.

ઇ. સ. ૧૬૮૦ના એપ્રીલની ૮મી તારીખે છત્રપતિ શિવાજી મહારાજે દેહત્યાગ કર્યો. એમનો કીર્તિદેહ તો હીંદુસ્તાન હશે ત્યાં સુધી અમર જ રહેવાનો.

☘

ગુજરાતીમાં શિવાજી મહારાજ સંબંધી સંપૂર્ણ ને પ્રમાણભૂત માહીતી આપતું મોટું દળદાર પુસ્તક એક જ છે. અને તે


છત્રપતિ શિવાજી.

ઉપરના લેખના બધા પ્રસંગો એમાંથી જ ચુંટવામાં આવ્યા છે. એની સુધારેલી વધારેલી સચિત્ર બીજી આવૃત્તિ અમદાવાદના 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે' હમણાં જ બહાર પાડી છે.

પેન્સિલના ટુકડાનો ઉપયોગ

આખી મોટી પેન્સિલ વાપરવાની મઝા બહુ જ હોય છે;—ખાસ કરીને ચીતરતી વખતે. પણ એ જ પેન્સિલ વપરાતી વપરાતી સાવ ટુંકડી થઇ જાય છે ત્યારે લખતાં હાથ દુખી આવે છે અને કામ ઉપર કંટાળો ઉપજે છે. એ વખતે પતરાની ખોળી, કે પેન્સિલ પકડવાનું એવું કંઇ બીજું સાધન મળી આવે તો ઠીક એમ સૌ ઇચ્છે છે. પણ ધારીએ એટલું બધું જ આપણને ઓછું જો મળે છે ?

તમારી પાસે પેન્સિલના એવા નાના ટુકડા વધે તે ફેંકી ન દેતા. ત્રણ ઇંચ પહોળો તથા છ ઇંચ લાંબો લખવાના પાતળા કાગળનો એક પટો લો. પછી તેની લંબાઇનો એક બાજુનો છેડો લઇ એક મોટી પેન્સિલની આસપાસ તેના બેત્રણ આંટા વીંટાળો. હવે તે પટાના બાકીના ભાગ પર લાહી લપેટી કાઢો, અને પછી આખી પટી વીંટી લો. એથી પેન્સિલની જાડાઇ જેટલી છ ઇંચ લાંબી ભુંગળી બનશે. હવે તેમાંથી પેલી મોટી પેન્સિલ કાઢી લઇ તેને એક છેડે નાની ટુંકડી પેન્સિલ ભરાવી તેને તડકે સુકાવા મુકી દો. એકાદ કલાક બાદ તમને જણાશે કે ભુંગળી સુકાવાથી પેન્સિલનો ટુકડો તેમાં સજ્જડ પકડાઇ રહેલો છે. અને હવે, જાણે આખી પેન્સિલથી જ લખતા હો તેવી સરળતા અને છુટથી તમે લખી શકશો.



હરણનો રાજા

ગામને છેડે એક નાની સરખી ઝુંપડીમાં નાનો વિહારી રહેતો. તેને મા કે બાપ કોઈ નહોતું. વૃદ્ધ દાદાજી તેની સંભાળ લેતા. આખું ગામ એના દાદાજીને ઓળખતું.

દાદાજી જંગલમાંથી લાકડાં કાપી લાવી ગુજરાન ચલાવતા. સવાર પડતું કે તરત કુહાડી લઇ ઘાડા જંગલમાં જવા એ નીકળી પડતા. આ જંગલ વીશે ગામમાં અનેક વાતો ચાલતી. લોકો કહેતા કે એમાં કંઇ કંઇ અદ્દ્ભુતતાઓ ભરી છે.

વિહારીની ઝુંપડી આગળથી જ જંગલ શરૂ થતું; અને એ ક્યાં પુરૂં થાય છે એ કોઇ જાણતું નહિ. વિહારી યે એમ જ માનતો.

ઝુંપડીથી દૂર એ કોઇ દિવસ જતો નહિ. ત્યાં આમલી નીચે બેસી દરરોજ એ લાકડાનાં સુંદર રમકડાં બનાવતો. તેને લાકડું કોતરતાં આવડતું હતું. દાદાજી રોજ રાતે ઘેર આવતી વખતે જંગલમાંથી એક સરસ લાકડું તેને માટે લેતા આવતા; અને વિહારી તેમાંથી અવનવાં રમકડાં—વહાણ, પોપટ, ચકલી, ઘોડો એવું એવું બનાવતો.

તે રમકડાં જીવતા જેવાં જ દેખાતાં, કારણકે જંગલમાં તેને જીવતાં પ્રાણી જોડે તે સરખાવી જોવાનું મળતું. જંગલનાં બધાં પશુપક્ષીઓ તેની સાથે ઘણાં હળી ગયાં હતાં. એ પક્ષી અને જાનવર તેની પાસેથી ઉડવાનું કે નાસી જવાનું સમજતાં નહિ. એ બધાં વિહારીનાં ભાંડું જેવાં હતાં. સાધારણ બાળકો કરતાં વિહારીના રાહ જુદા જ હતા.

મનુષ્યોનાં વર્તન કરતાં તે પક્ષીઓનું બોલવુંચાલવું વધારે સમજતો. કેવી રીતે સારાં ઘર બનાવવાં, ખોરાક સંઘરી રાખવો, અને શત્રુઓ સામે બચાવ કરવો એ બધું તેમની કનેથી એ વિચારીવિચારીને શીખતો.

આખા જંગલમાં માત્ર હરણાં જ વિહારી જોડે રમતાં નહિ કે પાસે આવતાં નહિ. આ તેને બહુ લાગતું, અને તેના મનને ઓછું આવતું. એ રૂપાળાં અને વહાલસોયાં હરણને બહુ ચાહતો. આથી એ રમકડાં ઘડતો ત્યારે હરણ તો એવું સરસ બનાવતો કે પહેલે જ દિવસે તે બજારમાં વેચાઇ જતું.

ભાગ્યે એ કોઇ દિવસ હરણાંનું ટોળું જોયા વગર રહેતો. કોઇવાર એકાદ એકલું તો કોઇવાર ટોળાબંધ સોનેરી રંગનાં હરણાં ઝાડ આગળથી જતાં, અને આમલી નીચે બેસતા વિહારી સામે પલકવાર જોઇ રહી ઘાડા જંગલમાં અદ્દશ્ય થઇ જતાં.

કોઇવાર હરણનો રાજા પણ દેખા દેતો. એનું ચળકતું શરીર, મોટી બીકણ આંખો અને સુંદર વાંકાં શીંગડાં સાથે ઉંચી ડોક—એ સર્વ જોતાં વિહારી એને ઝટ ઓળખી કાઢતો. ફરતા જંગલમાં એના જેવાં સુંદર જબ્બર અને ઝાડની ડાળ જેવાં ફુટેલાં શીંગડાવાળું બીજું કોઈ હરણ નહોતું.

એક દિવસ વિહારી આમલી નીચે રમકડું ઘડતો બેઠો હતો. તેણે એક નાનું ઝુલતું પહેરણ પહેર્યું હતું. એટલામાં ઝુંપડીનું બારણું ઉઘડ્યું અને તેના દાદાજી




ચૈત્ર
૧૯૮૧

હરણનો રાજા

હરણને આથી ખુશી થઈ છે કે ના એ નવું શીંગડું, મૂળ હતું તેથી યે વધારે સુંદર જણાયું.

મિનર્વા પ્રિન્ટરી
અમદાવાદ





ચૈત્ર
૧૯૮૬

તાજમહાલ–આગ્રા

ઇ. સ. ૧૬૩૧ માં મોગલ બાદશાહ શાહજહાનની અતિ રૂપવતી અને વહાલી બેગમ મુમતાઝ મહાલ મૃત્યુ પામી. એના મરણથી બાદશાહને બહુ દુઃખ થયું. તેના પરના પોતાના નિઃસીમ પ્રેમનું સ્મારક રાખવા માટે એ કલારસિક બાદશાહે, આગ્રામાં મુમતાઝની કબર ઉપર એક અતિ સુંદર મકાન બંધાવ્યું. તે તાજમહાલ

દુનીઆની સાત અજાયબીઓમાં એક એ તાજમહાલ પણ ગણાય છે. દુનીઆ આખાના સૌથી સુંદર મકાનોમાં તેની ગણના થાય છે. તે બાંધવા માટે, દેશદેશાવરથી તેડાવેલા કારીગરો, કીંમતી પથ્થરો ને બેમુલ વસ્તુઓ પર શાહજહાને લખલુટ ખર્ચ કર્યો. વીસ હજાર માણસોની મહેનતથી, વીસ વરસે એ ઇ. સ. ૧૬૫૩ માં તૈયાર થયો અને તેમાં કુલ ચાર કરોડ રૂપીઆ ખર્ચાયા.

તાજમાં જે વખાણવા જેવું છે તે એની સુકુમારતા. ઉજળી દુધ ચાંદનીના રંગના સફેદ આરસનું એ મકાન 'જમીન પર એટલું હળવે રહીને, અને એટલું કોમળતાથી ઉભું રહેલું લાગે છે કે જાણે તે હમણાં પલવારમાં પાછું આકાશમાં ઉડી જશે !'

ભુરા આકાશ પર, નીલઘેરાં શરૂનાં ઝાડ વચ્ચેથી ઉભી થતી કોઇ શ્વેતરંગી નાજુક પરી જેવો તાજ, જોનારને સવારમાં, બપોરે, સાંજે અને ચાંદનીમાં જુદી જુદી સુંદરતાનું ભાન કરાવે છે.

હાથમાંની ડાંગ ઠોકતા ઠોકતા આવ્યા.

'બેટા, આજ તો તું કંઈ આટલો બધો વહેલો કામે વળગ્યો છે? મારે તો આજે જંગલમાં દૂર જવું પડશે; કારણકે પાસેનાં લાકડાં કપાઇ રહ્યાં છે. સંભાળીને રહેજે; હું જઉં છું.—પ્રભુ તારૂં રક્ષણ કરો!' એટલું કહી તેમણે વિહારીને છાતી સરસો ચાંપ્યો અને આઘા જંગલને રસ્તે ચાલવા માંડયું.

વિહારી ક્યાંય સુધી દાદાજીને જતા જોઈ રહ્યો, અને પછી રમકડું બનાવવામાં ગુંથાયો. થોડીવાર પછી હથીઆર વેગળાં મુકી એ થાક ખાવા બેઠો. પણ એના મગજમાં હજી પેલાં અભિમાની અને અતડાં હરણાં ઘોળાયા કરતાં હતાં.

એક ટોળું ઝડપથી જતું જોઈ એ બોલી ઉઠયો, 'આ પેલાં જાય!—પણ એ કેટલાં ઉતાવળાં દોડે છે! અને વળી તેમનો રાજા યે તેમની સાથે નથી!' એટલામાં તો હરણનો રાજા ખરડાએલે શરીરે અને લથડતે ઢીલે પગલે એકલો આવ્યો. એનાં બે શીંગડાં-માંનું એક ભાંગ્યું હતું, અને તે ઠેકાણે એક ઠુંઠું જ દેખાતું હતું.

વિહારીએ હથીઆર અને રમકડું હેઠળ મુકી દીધાં. તેની આંખમાં આંસુ ઉભરાયાં; તેને લાગ્યું કે કંઇક વિપરીત થયું છે.

આ વખતે હરણ તેની પાસેથી નાસી ગયું નહિ; પણ વિહારીએ ધીમેથી એને બોલાવ્યું એટલે તેણે પાસે આવી પોતાનું માથું વિહારીના ખોળામાં મુકી દીધું; અને એવું દયામણું મોં કરીને જોવા માંડયું કે વિહારી ગળગળો થઇ ગયો ને તેના શરીરને પંપાળવા લાગ્યો.

'બોલ, બાપુ! બોલ. તને શું થયું છે? વિહારી તારો દોસ્ત છે.'

તે બોલ્યું, 'તારો ચપ્પુ લે અને મને જલદી મારી નાખ.—ઓ ભાઇ, આજ રાતે મારાં હરણ મને પીંખી નાખશે. આજે તો મને જવા દીધો છે; પણ આજ રાતે તેઓ નવો રાજા પસંદ કરશે એટલે તે બધાં મને તેમના ઉજળા ટોળામાં ડાઘ જેવાને જીવવા નહિ દે.

'પણ તેં એવું તે શું કર્યું છે કે તને એ મારી નાખશે?' વિહારીએ કહ્યું. 'તું તેમના રાજા તરીકે તો ઠીક વર્ત્યો છે. અને—આ તારૂં શીંગડું ક્યાં?'

'હાય!' એક ઉંડો નીસાસો નાખી રાજા બોલ્યો, 'હું એ મારૂં રૂપાળું શીંગડું ભાગીને ખોઇ બેઠો તેથી જ તો આ આફત આવી છે. હવે મારાથી રહેવાતું નથી. આજ પ્હરોડે મને ભયની વાસ આવી, અને ત્યાં પેલી ટેકરી નીચે વહેળા આગળ મેં એક શીકારી કુતરો ઉભેલો જોયો. મેં અમારા ટોળામાંથી કુદી આવી આગળ છલંગ મારી તેને મારી નાખ્યો. હાશ, હવે એ અમને પજવશે નહિ. પણ એના મજબુત દાંત તીણા હતા; એટલે એ ઝપાઝપીમાં મને વાગ્યું. મારૂં શીંગડું ભાંગી ગયું—અને મારૂં સૌંદર્ય અને શૌર્ય સૌ ગયાં. હવે મારાં હરણ મારા સામું યે જોતાં નથી!'

આ સાંભળી વિહારી ઉંડા વિચારમાં પડી ગયો. આસપાસ બેઠેલાં સસલાં, કબુતર, ખીસ્કોલી સૌ શાંતિથી આ જોઇ—સાંભળી રહ્યાં. કોઈની પુંછડી સરખી યે હાલી નહિ કે ન કોઇની પાંખ ફફડી.

એકદમ વિહારી ઉઠીને ઝુંપડી તરફ દોડયો અને પોતાનાં કોતરવાનાં લાકડાંમાં જોવા માંડયું. એક મજબુત લીસી રાયણની જાડી ડાળ પસંદ કરી, અને તેને માપ પ્રમાણે કાપી કોતરવા બેઠો. ધીમેધીમે, ઘણી જ સંભાળથી, તેણે એનો ઘાટ ઉતારવા માંડયો. તેનાં જંગલનાં ભાંડુ આ બધું આશ્ચર્યથી જોઇ રહ્યાં. પેલો હરણનો રાજા તો વિહારીના પગ ચાટવા મંડયો.

ધીમે ધીમે વખત જવા માંડયો. વિહારી તો પોતાના કામમાં મશગુલ હતો; કારણકે પેલું ટોળું સાંજે આવવાનું હતું, અને તેથી એકેય પળ ગુમાવવાની નહોતી.

આખરે તેણે હથીઆર નીચે મુકયું. ડાબા હાથમાં તે એક રૂપાળું નવું શીંગડું ઝાલી રહ્યો, અને હરણને માથે મુકી જુએ છે તો હતું તેથી યે તે વધારે સુંદર જણાયું. પણ, હવે જ ઘણું અઘરૂં કામ કરવાનું બાકી હતું.

જુના શીંગડાના ઠુંઠાને, સાંધો જણાય નહિ એમ એ ચોડવું શી રીતે? પણ આ જંગલમાં તો બધું યે

બની શકે તેમ હતું. તેણે ઘણી મહેનતે શીંગડું ચોડયું. વિહારીએ આનંદના ઉમળકામાં હરણની પીઠ થાબડી; અને તે ઉભું થયું. કુદીને તે પેલા વહેળા આગળ દોડયું.

આ એનું દર્પણ હતું. જેવું તેણે ડોકું નીચું નમાવ્યું કે તરત જ એ મોટાં ફાલેલાં શીંગડાંવાળું મોં જણાયું. પછી તે પાણીમાં કુદી પડયું અને પોતાનું ખરડાએલું શરીર ધોઇ નાખ્યું. એ બહાર નીકળ્યું ત્યારે, પહેલાં હતું એવું સુંદર ચળકતા શરીરવાળું થઇ ગયું. ફરીથી એ 'રાજા' થયું. તેની વિશાળ આંખમાં પહેલાંનું તેજ ચમકયું અને ખુમારી આવી: પણ વિહારીને જોતાં એની એ આંખ ઉપકાર વરસાવવા લાગી.

'ઓ ભાઇ, ઓ બાલમિત્ર!' તે બોલ્યું, 'તું જ આ જંગલનો રાજા છે; અમે તો તારા નિમકહલાલ સેવકો છીએ.'

ધીમે ધીમે સૂર્ય નીચે ઉતર્યો અને બધું લાલ લાલ થઇ ગયું એવામાં તો ચીસો પાડતું, નીચાં માથાં કરી દોડતું હરણનું ટોળું નવા રાજાની સરદારી તળે ઝાડનાં ઝુંડમાંથી નીકળી આવ્યું, અને વિહારીની ઝુંપડી ભણી વળ્યું.

વિહારી તો આમલીની ઘટા નીચે, શાંતિથી હાથમાં રમકડાં કોતરવાનું હથીઆર રાખી બેઠો હતો. જુનો રાજા પોતાનાં ચમકતાં શીંગડાં આથમતા સૂર્યના તેજમાં ચમકાવતો પાસે ઉભો હતો. ટોળું એકદમ થંભ્યું. વિહારીના હાથમાંનું હથીઆર સૂર્યનાં સોનેરી કિરણોમાં સુવર્ણના રાજદંડ જેવું ચમકવા લાગ્યું.

ઘણી જ શાંતિથી અને નરમાશથી તેની પ્રજા —એનાં એ અભિમાની હરણાં ગોળ કુંડાળું વળી ઉભાં: અને એમણે શીંગડાં જમીનને અડકતાં સુધી માથાં નીચાં નમાવ્યાં. નવો રાજા પણ થોડી વારે સૌની પાછળ આવી જુના રાજાને નમી પડયો.

'ચાલો, ચાલો' હુકમ કરતો હરણનો જુનો રાજા બોલ્યો, અને આખું યે ટોળું પાછું અદશ્ય થયું.

વિહારીના હાથમાંથી રમકડું અને હથીઆર નીચે જમીન પર પડી ગયાં. તેણે આંખો ચોળવા માંડી, અને ઉંઘમાંથી જાગ્યો હોય એમ, પાસે હસતા ઉભેલા દાદાજી સામે જોઇ રહ્યો.

દાદાજીએ તેને ડાંગનો છેડો અડકાડી કહ્યું, 'અલ્યા ઓ તરંગી! ઉંઘમાં આવ્યો કે શું?'

પણ વિહારી વધારે જાગ્રત હતો. તેને આજે સંતોષ હતો કે આખા યે જંગલમાં હવે સૌ કોઇ એને ચાહતું હતું. અને સૌ એનું ભલું ઇચ્છતાં હતાં.

વિહારી આનંદસ્વપ્નમાંથી જાગ્યો.

મંજુલાલ રણછોડલાલ મજમુંદાર

હીરાનું ભણતર

[આપણને સુંદર કુદરતકાવ્યો અને બીજાં 'નવાં ગીતો'નો રસ ચખાડનાર ભાઇ ત્રિભુવન વ્યાસનું આ એક કટાક્ષ-કાવ્ય છે. અત્યારની ખોટી કેળવણી, અને એ કેળવણીના મોહમાં તણાઇ તેની પાછળ પોતાના ઘરધંધા અને સ્વત્વ ગુમાવીને ઘેલા થઈ લાગેલા લોકો ઉપર આ કાવ્યમાં સુંદર કટાક્ષ છે. ગામડાનો કોઈ માણસ પોતાના મિત્ર પાંચા પટેલને પુછે છે કે તમારો દીકરો હીરો ભણીગણીને શું થશે? અને પછી ભણતરના ગેરલાભ ગણાવતો એ, છોકરાના શરીર મન અને પૈસાની જે ખુવારી થશે તેનું કટાક્ષમય વર્ણન કરે છે. સાદી ગામડી પણ સબળ લોકભાષામાં એ કટાક્ષ કેટલી સચોટતાથી મુકયા છે!]

એ પાંચા પટલ,
તમારો હીરકો ભણીગણીને હું થાહે?—એ પાંચા૦

જાણોસ કે ગગો થાહે ગવંડર,
(પણ) ગોપણ પાંગરા હોતી જાહે, —એ પાંચા૦

એના ભણતરમાં હું માલ બળ્યો?
ઇ ઘરનો ધંધો ભુલી જાહે, —એ પાંચા૦

વળી અલકમલકની ઓગઠયમાં
એની હૈયાઉકલત વઇ જાહે, —એ પાંચા૦

ઇ પરદેહનાં ગામડાં ગણશે આંઇથી
(પણ) શીમનાં ખેતર ભુલી જાહે, —એ પાંચા૦

ઇઝીણા અખ્ખર વાંચીવાંચીને
આંખ્યે અડધો થઇ જાહે, —એ પાંચા૦

એની કાયા હંધી યે કતાઇ જાહે
પસે બટકું રોટલો માંડ ખાહે, —એ પાંસા૦
વળી લમણે હાથ દઇ લખ્યા કરે
એવો વશારવાયુ થઇ જાહે, —એ પાંસા૦
ઈ ઘરમાં એકલો ગણગણશે
કોઇ માણહ નઈં પોહાય પાંહે —એ પાંસા૦
એને દેહનું કાંઇ યે ગમશે નઇં
ઇ ઘોડશે પરદેહી વાંહે, —એ પાંસા૦
ઇ સુહશે 'સા'ના ઉકાળા
પસે હાડને સામડી સોટી જાહે, —એ પાંસા૦
એને કામની દશ કાંઇ હુઝશે નઈં
પસે નોકરી હારૂ ધકા ખાહે, —એ પાંસા૦
ઇ ભણતરમાં દી હું વળશે ?
ઇ તો 'માલાના મુળગા' જાહે —એ પાંસા૦

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

એમ કેમ

બરફ કેમ તરે છે?

કુદરતને ત્યાં દયા નથી એમ કેટલાક સમજાવે છે. તેઓ નાસ્તિક છે. કુદરતમાં બધે દયા જ છે. જો કુદરતમાં દયા ન હોત તો પાણીમાં બરફ તરત જ નહિ.

તમે સાંભળ્યું હશે કે કોઈ પણ વસ્તુ ગરમ કરવાથી તેનો આકાર વધે છે, ને તે હલકી થાય છે. એથી ઉલટું, જેમજેમ વસ્તુની ગરમી ઓછી થતી જાય છે તેમતેમ તેનો સંકોચ થાય છે, તે નાની બને છે ને વજનમાં ભારે થાય છે.

લોઢાનો એક ગોળો માંડ અંદરથી પસાર થઈ શકે એવું એક કડું બનાવો. પછી એ ગોળાને ખુબ ગરમ કરો. હવે તમે જોશો કે ગોળો મોટો થવાથી તે કડામાંથી પસાર થઇ શકતો નથી. ગોળા પર પાણી રેડો કે તરત જ તે નાનો થઈ કડામાંથી નીચે પડે છે. ગાડીના પૈડા ઉપર લોઢાની વાટ બેસાડે છે તે પણ આ જ રીતે.

હવા ગરમ થાય છે તેથી તે હલકી થઇ ઉપર જાય છે અને એની જગ્યા લેવાને આસપાસથી ઠંડી હવા દોડતી આવે છે, તેથી પવન વાય છે. ચુલા પર રાખેલા વાસણમાં ઉપરનું પાણી વધારે ગરમ હોય છે. જોકે દેવતા તો નીચેના ભાગને વધારે લાગે છે!

પાણી જેમજેમ ઠંડું થાય તેમતેમ વજનમાં ભારે થાય છે અને નીચે બેસી જાય છે. બીજી પ્રવાહી વસ્તુઓનું પણ એમ જ થાય છે. પણ પાણીમાં એક અપવાદ છે. પાણી ચાર અંશ સેન્ટીગ્રેડ ઠંડું થાય ત્યાં સુધી ભારે થતું જાય છે; પણ પછી એકાએક તે પોતાનો સ્વભાવ બદલી, જેમ ઠંડું થતું જાય તેમ ફુલતું જાય છે અને છેવટે બરફનું રૂપ પકડીને સાવ હલકું થઇ જાય છે. માત્ર પાણીની બાબતમાં જ આમ કેમ થતુ હશે? એનું કારણ એટલું જ છે કે કુદરતમાં દયા છે.

એકાદ હોજ તળાવ નદી કે સમુદ્ર ઉપર જ્યારે ભારે ઠંડો પવન વાય છે ત્યારે ઉપરનું પાણી ઠરી જઈ તેનો બરફ થાય છે. હવે આ બરફ જો પાણી કરતાં ભારે હોત તો એ બરફનું આખું પડ બની તે ધીમેધીમે નીચે જાત અને પછી પાણીમાં રહેતી માછલીઓ, કાચબા, કરચલા મગર, પાણ-ઘોડા વગેરે કુદરતનાં બાળકો ચગદાઇને મરી જાત. કુદરત માતા એ કેમ સહન કરે? એટલે એણે ફક્ત પાણીની બાબતમાં અપવાદ કરી તેનો સ્વભાવ ફેરવી નાખ્યો. શ્રીકૃષ્ણ ભગવાન પોતાની પ્રતિજ્ઞા તોડે, પણ ભીષ્મને હાથે અર્જુનને મરવા ન દે. તે જ પ્રમાણે પ્રકૃતિ માતા પોતાના સાર્વભૌમ નિયમમાં અપવાદ ખમે, પણ બાળકોનો સંહાર ન થવા દે. હવે સમજ્યા, કે પાણીમાં બરફ કેમ તરે છે?

કા૦

અથાણું

શિક્ષક—પાણીનું રૂપાંતર બરફમાં થાય છે ત્યારે તેમાં શો ફેરફાર થાય છે?

છોકરો—મોટો ફેરફાર કીંમતમાં થાય છે. કેમકે પાણીનાં નાણાં નથી બેસતાં, જ્યારે બરફની કીંમત આપવી પડે છે!

*

અરે, આ કાગળ તો ગધેડો હોય તે પણ વાંચી શકે!
ત્યારે આપ જ વાંચોને!

*

સવારના પહોરમાં એક સાહેબ હાથમાં ગિલ અને ખભે ટોપલી ભેરવી સરોવર કાંઠે માંછલાં મારવા જતા હતા. એ જોઈ એક જણે કોઇને પુછ્યું, 'સાહેબ અત્યારમાં ક્યાં ચાલ્યા?'

'સાહેબ ઝખ મારવા જાય છે!' પેલાએ જવાબ આપ્યો.

'કાકા' થયા પહેલાં—

[મુળ 'મધપુડા' માટે લખેલી, પોતાના બાળપણનાં સ્મરણોની આ લેખમાળા કાકાસાહેબ કાલેલકરે 'કુમાર'માં છાપવા દેવાની કૃપા કરી છે. આપણું સદ્ભાગ્ય છે કે કાકાસાહેબ જેવા બહુશ્રુત, ચિંતનશીલ અને પ્રેમળ હૃદયના અધ્યાપકનું ઘડતર, એ આવા પ્રાણવાન અને માતા જેવા વત્સલ હૃદયના વડિલ 'કાકા' થયાં તે પહેલાં કેવી રીતે થયું હતું એની પ્રેરક ને પ્રોત્સાહક કહાણી એમની પોતાની જ મધુર ભાષામાં આપણને જાણવા મળશે.]



કાકાસાહેબ

૧

ચાંદવડકર માસ્તર

મારો જન્મ મહારાષ્ટ્રની રાજધાની સતારા શહેરમાં થયો. યાદો ગોપાળ પેઠમાં લક્કડવાલાના ઘરમાં અમે રહેતા હતા, એ બીનાથી મારી બાલ્યજીવનની સ્મૃતિનો ઉદય થાય છે. અમારા પડોશમાં નામદેવ કરીને એક દરજી રહેતો હતો. નાના અને હરિ એના બે દીકરા. હરિ નાનો હતો એટલે એની સાથે મારી દોસ્તી જામી. સતારાના મહારાજાના હાથીઓ રોજ અમારા બારણા આગળથી જતા. સતારાના મહારાજાને ત્રણ હાથી હતા: એક ઘરડી હાથણ હતી; બીજો એક મોટો હાથી, એનું નામ દંત્યા હતું, કેમકે એને એક જ દાંત હતો. ત્રીજો હાથી 'નાના હાતી' તરીકે ઓળખાતો કારણકે તેને એકે દાંત ન હતો. એક દિવસ અમે નામદેવની દુકાનમાં બેઠા હતા એટલામાં રસ્તાપરથી જતો દંત્યા હાથી દુકાન તરફ આવ્યો અને સુંઢ દુકાનમાં ઘાલી. અમે છળી તો ગયા, પણ દુકાનમાંથી નાસી જવાનો રસ્તો હતો જ નહિ. નામદેવે સમયસૂચકતા વાપરીને દુકાનમાં પડેલું એક નાળીએર હાથીની સુંઢમાં આપી દીધું, અને હાથી પણ નાળીએર લઇને ચાલતો થયો. નામદેવની આ બહાદુરીનો કીસ્સો અમે કેટલા યે દિવસ સુધી વર્ણવતા હતા. આજે મને લાગે છે કે હાથી આવ્યો એ કંઈ અકસ્માત ન હતો. નામદેવે જ કોઇ તહેવારને કારણે હાથીને નાળીએર આપવાની વાત મહાવતને કરી હશે અને મહાવત હાથીને તેની દુકાન પાસે લઇ આવ્યો હશે. નહિ તો તે જ દિવસે દુકાનમાં નાળીએર ક્યાંથી હોત? પણ એ તો મારી આજની કલ્પના છે. તે દિવસનો અનુભવ તો ભારે અકસ્માતથી બચી ગયાનો જ છે.

અમારા ઘરની પાછળ એક ઉમરાનું અને એક

સીતાફળીનું એમ બે ઝાડ હતાં. બે વચ્ચે એક મોટો તુળસીક્યારો હતો. આસપાસની જમીન અમે હમેશાં છાણથી લીંપેલી રાખતા અને સાંજરે પાંચ વાગે ત્યાં દશમી ખાવા બેસતા. લોકવાર્તાઓનો ખોરાક પણ અમને આ જ ઠેકાણે મળતો. મારી કાશીભાભી પાસે વાર્તાઓનો ભંડાર હતો. કાશીભાભીને નવરાશ ન હોય ત્યારે મારી દાદી પાસેથી હું વાર્તાનો કર ઉઘરાવતો. મહાદેવપાર્વતીનું આખું જીવનચરિત્ર મને મારી દાદી પાસેથી જ પહેલવહેલું મળ્યું. આજે પણ જ્યારે જ્યારે મહાદેવનું નામ સાંભળું છું ત્યારે ત્યારે દાદીએ વર્ણવેલા, લાંબીલાંબી જટાવાળા અને લાલ આંખોવાળા બાવાનું જ ચિત્ર કલ્પના આગળ ઉભું થાય છે.

ઘરમાં અમે રમતા ત્યારે કેસુ હાથી બનતો, ગોંદુ હાથીનો મહાવત બનતો અને હું દત્તુ રાજા થઇ અંબાડીમાં બેસતો, કેમકે હું સૌથી નાનો. કેસુને માથે એક ગળપટો બાંધી એનો છેડો સુંઢની જગાએ છોડતા અને અમે ઘરની અંદર જ હાથીહાથી રમતા. અમારો સૌથી મોટો ભાઇ બાબા એ અમારા સૌની નીતિનો ચોકીદાર; એ અમને રસ્તા પર જવા ન દે. રસ્તા પર જઇએ તો ખરાબ છોકરાઓના મોઢાની ગાળો સાંભળીએ. હું પાંચ વરસનો થયો ત્યાં સુધી સડક પર ગયો જ ન હતો. બજારમાં જાઉં ત્યારે મહાદુના ખભા પર જાઉં. મહાદુ એ અમારો વફાદાર ઘાટી નોકર. તેની હકુમત અમારા પર પુરેપુરી ચાલે. બજારમાં પણ એ અમને પાંચ ડગલાં ચાલવા ન દે. કંઇક ચાલ્યો હોઉં તો દાદી સાથે કાવતરૂં કરી પાછલે બારણે હનુમાનના મંદિર સુધી,—એટલે કે શેરીના છેડા સુધી.

આવી સ્થિતિમાં ઉછરેલો છોકરો વ્યવહારમાં બાઘા જેવો દેખાય તો નવાઇ ખરી? છતાં મને એક રીતનો મોટો લાભ મળેલો. મારા ભાઇ ગોંદુ અને મારી વચ્ચે ફક્ત દોઢ વરસનું અંતર હતું. એનો સ્વભાવ સાવ ભોળો, એટલે સરખામણીને લીધે હું હમેશાં ડાહ્યો ગણાતો.

હું પાંચ વરસનો થયો એટલે મેં હઠ લીધી કે મારે નીશાળે જવું છે. ઘરમાં કોઇ મારૂં માને નહિ. એટલે અઢી ત્રણ વાગે જે વખતે પિતાશ્રી ઑફિસે ગયા હોય ને મોટા ભાઇઓ નીશાળે ગયા હોય તે વેળા મા પાસે રઢ લઇને બેસું. આખરે અકળાઇને માએ મને જવા દીધો. ધોળાંધોળાં ટપકાંવાળો એક લાલ ફેંટો મારે માથે બાંધ્યો અને મને નીશાળે મોકલ્યો. નીશાળના છોકરાઓને એક નવું રમકડું મળ્યું. છોકરાઓ મને વારાફરતી રમાડે અને રોવડાવે. અત્યારે તો એ વખતના 'પેંડે' નામના એક જ માસ્તર યાદ છે. એમના ગજવામાં હમેશાં પતાસાં પડ્યાં રહેતાં. મને જુએ એટલે એકાદ પતાસું આપ્યા વગર રહે નહિ. આ પતાસાંને લીધે શાળાનાં મારાં પ્રથમ સ્મરણો અત્યંત મીઠાં—ગળ્યાં છે.

પણ પહેલે જ દિવસે એક સંકટ ઉપજ્યું. રમતાંરમતાં માથા પરનો ફેંટો છુટી ગયો. મને તે ફરી બાંધતાં આવડે નહિ, અને એ વાત છોકરાઓ આગળ કબુલ કરતાં શરમ આવે; એટલે હું ભારે મુંઝવણમાં પડ્યો. આખરે એક છોકરાએ મને ફેંટો બાંધી આપ્યો, અને પાઘડી-સલામત હું ઘેર આવ્યો.

પછી તો હું રોજ નીશાળે જવા લાગ્યો. ધીમે ધીમે સડક પર ચાલવાની હીંમત પણ આવી. અને હવે તો ઘરમાં સૌ ના પાડે તો યે નીશાળે દોડતો જતો. મહાદુ મને પકડવા મારી પાછળ ઘણીવાર આવે, એટલે દોડતાં દોડતાં પણ વારેઘડીએ હું સિંહાવલોકન કરતો. મારી આ શાળાપરાયણતા જોઇ મને એક સુમુહૂર્ત પર નીશાળે મુકવાનું નક્કી થયું. ઘણુંકરીને દશેરાનો દિવસ હશે. આખી શાળા ભેગી થઇ. છોકરાઓ બધા સારાંસારાં કપડાં પહેરીને આવ્યા હતા. જુના રાજમહેલના એક મોટા ચોકમાં શાળા બેસતી હતી, એટલે મકાનની ભવ્યતા તો હતી જ. બધા છોકરાઓને મીઠાઇ વહેંચવામાં આવી. શાળાના પટાવાળાઓને ધાણીના મોટામોટા લાડુ આપવામાં આવ્યા. શાળાના માસ્તરને એક ચાંદીની થાળીમાં ખાસ મીઠાઇ આપવામાં આવી. અને હું 'પાટી પર બેઠો.' એક ઘરડા માસ્તર મારી પાસે આવીને બેઠા. એમણે મારી સ્લેટ પર મોટા મોટા

મરોડદાર અક્ષરે 'श्री गणेशाय नमः ओ नामा सीधं' લખી આપ્યું. હળધર કંકુ વગેરે છાંટી મારે હાથે તેની પૂજા કરાવી. પછી મારા હાથમાં એક પેન આપી, મારો હાથ પકડી મારી પાસે એક એક અક્ષર ઘુંટાવતા જાય અને બોલાવતા જાય. એકવાર ઘુંટયું એટલે તે દિવસની નીશાળ ખલાસ. મને ઘેર લઇ જવામાં આવ્યો, અને હું શાસ્ત્રોક્ત વિદ્યાર્થી બન્યો. આ ઉત્સવને માટે મારા હાથમાં સોનાની કલ્લી, કાનમાં મોતીની કડીઓ અને ગળામાં એક સોનાની કંઠી એટલાં ઘરેણાં ઘાલેલાં હતાં. આવી રીતે નન્દીની પેઠે શણગારીને મને રોજ મહાદુની સાથે નીશાળે મોકલતા. ત્યાં એક ભારે અગવડ ઉત્પન્ન થઇ. બરાબર દસનો ટકોરો થાય કે છોકરાઓ પાટીપુસ્તક લઇને વાછરડાંની પેઠે ઘેર દોડી જાય. મારા શરીર પર ઘરેણાંનું જોખમ, એટલે અમારા હેડમાસ્તર મને એકલો ઘેર જવા ન દે; અને મહાદુ તો કોકકોકવાર દસદસ મીનીટની વાર લગાડે. શરૂઆતથી જ મારે આવી રીતે સજા વગરની સજા ભોગવવી પડતી. હું હેડમાસ્તરને કરગરીને કહું કે 'કંઠી તો પહેરણની અંદર છે. કલ્લી બાંયની અંદર સંતાડી હું દોડતો ઘેર જઇશ. મહાદુ મને રસ્તામાં જ મળશે.' પણ હેડમાસ્તર એકના બે ન થાય.

નવા નીશાળીઆના નવ દિવસ પુરા થયા અને મારો આ બધો આનંદ આથમી ગયો. ચાંદવડકર કરીને એક નવા માસ્તર અમારી નીશાળમાં આવ્યા, અને તેમને ભોગજોગે અમારો જ વર્ગ સોંપવામાં આવ્યો. એ શરીરે સારા હૃષ્ટપુષ્ટ હતા. ઉમરે જુવાન હતા. પણ એમને બેઠા હોય ત્યાંથી ઉઠવાનું ભારે આળસ. દરેક છોકરાને પોતાના પાઠ માટે ઉઠીને એમની પાસે જવું પડતું. અમે સૌ એમનાથી દૂર અર્ધવર્તુળ કરીને બેસતા. અમે છોકરાઓ, એટલે તોફાન વિના તો શાના રહીએ? અને તોફાન ન કરીએ તોપણ કંઈ ને કંઈ કારણે વાંકમાં તો જરૂર આવીએ. સાચું કહું તો મારામાં કશું તોફાન હતું જ નહિ. વાંક શાને કહેવાય એ પણ હું જાણતો ન હતો. એટલે ઇયત્તા (ધોરણ) ની થોડીક કવાયત સમજું, તેનું પાલન કરૂં, અને જ્યાં ન સમજું ત્યાં શૂન્ય દૃષ્ટિએ જોયા કરૂં. તે વખતના મારા ફોટો પરથી જોતાં મને લાગે છે કે હું બાઘા જેવો તો નહિ જ દેખાતો હોઉં. છતાં કંઇ ને કંઇ કારણે મને રોજ માર પડતો. ચાંદવડકર માસ્તર પાસે ત્રણેક હાથ લાંબી વાંસની સોટી હતી. આસન પર બેઠાબેઠા છોકરાને સજા કરવા માટે આ દિવ્ય શસ્ત્ર તેમને ખુબ સગવડભરેલું હતું. સોટી ખાવા માટે હાથ ધરવાનું તેઓ કહેતા. હાથ ધરવાની મારી હીંમત ચાલતી નહિ, એટલે ગુરુ મહારાજ પલાંઠી વાળીને બેઠેલી મારી ખુલ્લી જાંઘ પર સોટી ચમચમાવતા. આ તાલીમને પ્રતાપે હાથ આગળ ધરવાની હીંમત મારામાં આવી! આ દુઃખ રોજ ચાલતું, પણ બધા જ છોકરાઓ માર ખાતા હોવાથી આમાં કંઇ અજુગતું છે કે ઘેર કહેવા જેવું છે એમ મને લાગ્યું જ નહિ. પરંતુ નીશાળે જવાની મારી પ્રફુલ્લતા કરમાઇ ગઇ. હવે તો નીશાળે જવા હું બહુ જ મોડો ઉઠતો અને ઉત્સાહ વગર શાળાનો પંથ કાપતો.

આમ કેટલા યે દિવસ સુધી ચાલ્યું. એક દિવસ નીશાળેથી ઘેર આવીને હું પેજ (ઘેંશ) ખાવા બેઠો. સોટીના પ્રતાપે હાથ તો લાલચોળ થયા હતા. ગરમ પેજ હાથમાં કેમે કરી લેવાય નહિ. આંખમાં આંસુ આવ્યાં. ભાભીએ પુછ્યું, 'શું શાળાના માસ્તરે માર્યો કે શું?' મેં ના પાડી. પણ ભાભી કંઇ એમ માની જાય એવાં ન હતાં. તેમણે આખા ઘરમાં પોકાર કરી મેલ્યો કે દત્તુને માસ્તર મારે છે. મને બાઘાને એમ ન લાગ્યું કે ભાભી મારૂં ઉપરાણું લઇને આટલો પોકાર કરે છે. મને થયું કે ભાભી મારી ફજેતી કરે છે! માર ખાય એ છોકરો ખરાબ એટલું નીતિશાસ્ત્ર હું શીખ્યો હતો, એટલે માર ખાઇએ તોપણ કહીએ નહિ. મને ભાભી પર ક્રોધ ચડયો. પણ સાંજ સુધીમાં તો હું બધું ભુલી પણ ગયો.

નીશાળનું અમારૂં ભણતર (!) હમેશની પેઠે નિયમિત ચાલતું. એક દહાડો એક પોલીસ અમારી નીશાળમાં આવ્યો, અને ચાંદવડકર માસ્તરને બોલાવી ગયો. થોડાક વખત પછી તેઓ પાછા આવ્યા.

તેમણે મને પુછ્યું, 'કેમ રે, તેં ઘેર જઇને કંઇ કહ્યું શું?' મેં મુગ્ધભાવે કહ્યું, 'ના.' પણ આજે ચાંદવડકરનો રૅાફ ઉતરી ગયો હતો. તેઓ ચોભીલા પડી ગએલા દેખાતા હતા. તેઓ કશું બોલ્યા નહિ, અને તે દિવસે છોકરાઓને માર પણ ન પડ્યો. બીજે દિવસે ચાંદવડકર વર્ગમાં આવ્યા જ નહિ. ઉપલા ધોરણના છોકરાઓ પાસેથી ખબર મળ્યા કે ચાંદવડકરને 'પાણીચું' મળ્યું છે. તેઓ બીચારા નવાનવા ઉમેદવાર આવેલા હતા. ત્યારપછી કેટલા યે માસ્તરોના માર મેં ખાધા હશે, પણ બીચારા ચાંદવડકરની જીંદગીની શરૂઆતમાં જ હું નડ્યો! પછી મને ખબર મળ્યા કે મારાં ભાભીના કહેવાથી મોટા ભાઇએ ક્યાંક રાવ ખાધી હશે, અને તેને પરિણામે નીશાળની નાની દુનીઆમાં આવડી મોટી રાજ્યક્રાન્તિ થઇ ગઇ!

આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે આખી નીશાળનું ધ્યાન મારી તરફ ખેંચાયું અને મારકણા માસ્તરને વિદાય અપાવવાના પુણ્યને લીધે વર્ગના છોકરાઓ મને દુવા દેવા લાગ્યા.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

પહેલું સુખ તે જાતે નર્યા

દુનીઆનો સૌથી મોટો શ્રીમંત અમેરિકાનો એક કરોડપતિ ગણાય છે. એની પાસે અઢળક ધન છે. છતાં એ આરા-તમારા કરતાં પણ એક બાબતમાં ગરીબ છે;—ગરીબમાં ગરીબ માણસ કરતાં પણ કંગાલ છે.

તેની પાચનશક્તિ ઘણી જ મંદ છે. કહેવાય છે કે તે માંડ થોડા ચમચા અનાજ પચાવી શકે છે! દરેક માણસને ઇશ્વરે છુટે હાથે બક્ષેલી અમોલી વસ્તુ જે તંદુરસ્તી, એ તેની પાસે નથી;—અને કરોડો રૂપીઆ આપતાં પણ તે એ ખરીદી શકવાનો નથી.

જાતે નરવા હોવું, ખીલતી તંદુરસ્તી હોવી એ કેવડું સદ્‌ભાગ્ય છે એનો કંઇક ખ્યાલ હવે તમને આવશે.

પણ એ સદ્‌ભાગ્યને વેડફી નાખીને આપણે હાથે-કરીને કમભાગી બનીએ છીએ.

કંચન જેવી કાયા આપી ઇશ્વર આપણને સરજાવે છે. તેનું જતન કરવું તો બાજુએ રહ્યું, પણ બેદરકારીથી તેને રગડી આપણે તેને ધુળ જેવી કરી નાખીએ છીએ.

આપણું શરીર એક સંચા જેવું છે. એની કરામત સરજનહારે એટલી અદ્‌ભુત કરી છે કે કુદરતી નિયમો પ્રમાણે એનું જતન કરીએ તો એ ૧૦૦ વર્ષ તો જરૂર ટકે.

આ સાંભળી તમને હસવું આવે છે? વીસવીસ વરસના આપણા જુવાનો નમાલા માઇકાંગલા જેવા હોય છે; ને ત્રીસ વરસે તો આપણાં મરણ નીપજે છે. આનું કારણ આપણે પોતે જ છીએ.

નીચેના સવાલના જવાબ તમે બરોબર આપી શકો છો કે નહિ તે વિચારો એટલે તમને એ કારણ સમજાશેઃ

તમે દિવસ આખામાં છુટથી પુષ્કળ પાણી પીઓ છો?

પાણીમાં અપાર ગુણ છે. અન્નને પચાવવાને કલાક કલાકને અંતરે થોડુંથોડું પાણી પીધા જ કરવું જોઇએ. તે હોજરીને મદદ કરે છે, આંતરડાંને સાફ રાખે છે, શરીરની નસોમાં નવું ચેતન પુરે છે.

તમે કાળજીપૂર્વક ખાઓ છો?

કયો ખોરાક તમારી હોજરીને રૂચે છે અને તમને પોષણ આપે છે એનું તમને ભાન છે ખરૂં? કે જે આવે તે પેટમાં ઠાંસ્યે જ રાખો છો? ઘણી વસ્તુઓ એક સાથે ખાવાથી, ઘણીવાર એક ખોરાકની અસરને બીજો ખોરાક વિકૃત કરી નાખે છે. પોતાના પેટને માફક આવતો સાદો ખોરાક રૂચી પ્રમાણે ખુબ ચાવીને ખાવો. પરમેશ્વરે આપણને ૩૨ દાંત એટલા માટે આપ્યા છે કે એકએક કોળીઓ ૩૨ વખત આપણે ચાવીએ.

ખુલ્લી હવામાં તમે સુઓ છો?

ઉંઘ લાવવાનો એક જણે સરસ ઉપાય બતાવ્યો છે કે 'તમારૂં મોં બંધ રાખો અને બારીઓ ખુલ્લી રાખો.' હવાની આપણા શરીરને વધારેમાં વધારે જરૂર છે; અને આપણે તેનો ઓછામાં ઓછો ઉપયોગ કરીએ છીએ. જોઇએ તો બે ગોદડાં વધારે ઓઢજો, પરંતુ કડકડતા શીઆળામાં પણ તમારા ઓરડાની બારી તો ખુલ્લી જ રાખજો. [ચાલુ]

સિંહગઢ

એક બહુ જ ઉંચા પહાડ પર આ ગઢ આવેલો છે. આ પહાડ એ સહ્યાદ્રિનાં અનેક ઉંચાં શિખરોમાંનું એક શિખર છે; અને એ બીજા ઘણા નાના ડુંગરાઓથી વીંટળાએલું છે. આ પહાડ પૂર્વથી પશ્ચિમ લગભગ દોઢ માઇલ લાંબો અને ઉત્તરથી દક્ષિણ પોણોએક માઇલ પહોળો છે. પહાડ પરથી ઉત્તર તરફ નજર કરતાં એક વિસ્તીર્ણ સપાટ પ્રદેશ દેખાય છે; એ બાજુની ક્ષિતિજ આશરે સો માઇલ જેટલે દૂર દેખાતી હશે; કારણકે પુના એ જ દિશામાં પહાડથી વીસ માઇલ દૂર છે, છતાં સપાટ પ્રદેશમાં અર્ધાક માઇલ પરનું શહેર જેટલું સ્વચ્છ દેખાય એટલું સ્વચ્છ તે દેખાય છે. પુનામાં ઝાડી ખુબ આવેલી હોવાથી, આ પહાડ ઉપરથી તે જાણેકે એક મોટા બાગમાં નાનાં નાનાં ઘર બાંધ્યાં હોયને, એવું સુંદર દેખાય છે. ઉત્તર તરફ દેખાતા આ વિસ્તીર્ણ પ્રદેશમાં કોઇ કોઇ જગ્યાએ નાની ટેકરીઓ નજરે પડે છે; એ સમુદ્રનાં મોજાં જેવી લાગે છે. આ જ દિશામાં પહાડની તળેટીથી પાંચેક માઇલ ઉપર એક બાંધેલું તળાવ છે. એવા તળાવને મરાઠીમાં ધરણ કહે છે. પુનામાં જે મુઠા નદી આવે છે તેને અહીં બંધ બાંધીને રોકી દીધી છે, તેથી આ નાળા જેવી નદી એક મોટા તળાવના રૂપમાં ફેરવાઇ ગઇ છે. આ તળાવમાંથી નહેરો કાઢી છે, અને તે નહેરોનો ફાયદો પુનાને તથા તેની આસપાસના પ્રદેશને પાક (ખાસ કરીને શેરડીનો પાક) ઉગાડવામાં બહુ મળે છે. પુનામાં પીવાને માટે પણ આનું જ પાણી નળ વાટે લઇ જવામાં આવ્યું છે. તળાવને બાંધેલી પાળ ઉપર થઇને પાણી પાછું નીચે પડે છે અને મુઠા નદી પાછી નાળા જેવી થઇને પુના તરફ આગળ વધે છે. ઉત્તર તરફના દૃશ્યને આ ધરણ તથા પુનાની ઝાડી અદ્ભુત બનાવે છે.

ઉત્તર તરફથી ઇશાન ભણી નજર ફેરવતાં એકદમ પહાડની હારો નજરે પડે છે. કેમ જાણે કીલ્લાની દીવાલો એક પાછળ એક એમ ગોઠવી હોય! આ પહાડોની વચ્ચેના ખીણવાળા પ્રદેશમાં ચોખાનો પાક બહુ સરસ ઉપજે છે. ઇશાનની માફક અગ્નિકોણ તરફ પણ પહાડની એક ઉંચી દીવાલ ઉભી છે, તેથી એ તરફ બહુ દૂર નજર નથી જતી.

ઇશાન અને અગ્નિકોણમાં આવેલી આ પહાડની દીવાલોની વચ્ચે પૂર્વ દિશામાં એક ખુબ મોટો પ્રદેશ આવ્યો છે. આ પ્રદેશ પહાડ પાસેથી પહોળો થતો થતો ક્ષિતિજ આગળ તો ખુબ પહોળો દેખાય છે. આ પૂર્વની ક્ષિતિજમાં દૂર અતિ ગંભીર લાગતો પુરંદરગઢનો પહાડ ઉભો છે. એ પહાડની ગંભીરતાથી ડરી જઇને જાણે ડુંગરોની હારો તેની આસપાસ વીંટાઇ જતી અટકી ગઈ છે. આ ગઢની બાજુમાં આવેલો એક નાનોસરખો પ્રદેશ સિંહગઢપરથી બરોબર સમુદ્ર જેવો દેખાય છે. આ જ જગ્યાએથી ઉનાળાના દહાડામાં ભવ્ય અરુણોદય ને પછી સૂર્યોદય થાય છે.

દક્ષિણ દિશામાં સિંહગઢના પહાડની તળેટીથી દોઢેક માઇલ દૂર એક ઉંચી પહાડની હાર આવી ગઇ છે તેથી દૂર જોઇ શકાતું નથી. સિંહગઢના પહાડથી અને સામેના પહાડથી બનેલી એ ખીણમાં

નાનાં નાનાં ઘણાં ગામો આવ્યાં છે. આ ગામડાં પોતાની આસપાસનાં ચિત્રવિચિત્ર ખેતરોથી બહુ સુંદર લાગે છે. દક્ષિણ દિશામાં સામે આવેલી પહાડની હારની પેલી બાજુ થોડે દૂર મહાબળેશ્વરનો ઝાંખો ઉંચો અને સપાટ પહાડ નજરે પડે છે.

સિંહગઢની નૈઋત્ય દિશામાં રાજગઢ અને તોરણ ગઢ આવ્યા છે. આ બંને ગઢો સિંહગઢ જેટલા ઉંચા છે. પશ્ચિમ દિશામાં પહાડ ઉપરથી એક મેદાન હોય એવું લાગે છે, પણ એમાં નીચી ટેકરીઓની લાંબી હારો ઊર્મિમાલાની માફક આવી રહેલી છે. આ ટેકરીઓની હાર જ્યાંથી શરૂ થાય છે તેની અને પહાડોની વચ્ચે એક લગભગ ચોખંડું મેદાન આવેલું છે. તે અસંખ્ય ગામડાંથી શોભે છે, એટલું જ નહિ પણ તેમાં આવેલી મુઠા નદી તેને બહુ શોભાવે છે. સિંહગઢ પાસે તો મુઠાનો પટ પહોળો છે, પણ લાંબે નજર નાખતાં તે એક રૂપેરી પટા જેવી સાંકડી લાગે છે. સૂર્યાસ્તને સમયે જ્યારે તેનાં પાણી ઉપર ગુલાબી રંગ પથરાઇ જાય છે તે વેળા મુઠા નદીની શોભા અપ્રમેય બને છે. ઉપર વર્ણવેલા સૃષ્ટિસૌંદર્યનું કેન્દ્રસ્થાન સિંહગઢનો પહાડ છે. હવે આપણે એ પહાડ પર આવેલા ગઢનું નીરીક્ષણ કરીએ.

સમુદ્રની સપાટીથી આ પહાડ ૪૫૦૦ ફીટ ઉંચો છે અને તળેટીથી ૨૫૦૦ ફીટ ઉંચો છે. નીચે ઉભા રહીને પહાડને જોઇએ તો પોણા ભાગથી વધારે ઉપર સુધી ત્રાંસી દીવાલની માફક પહાડની કરાડો ઉભી રહેલી છે, અને એ કરાડો ઉપર માણસે બાંધેલી પણ હવે જીર્ણ થઇ ગએલી ગઢની દીવાલ આવેલી છે. તે ઘણી જગ્યાએથી તો તદ્દન નષ્ટ થએલી છે. આ દીવાલ ઓછામાં ઓછી બે હાથ તો જાડી છે જ; કેટલીક જગ્યાએ એથી પણ વધુ જાડી છે. તે કાળમીંઢ પથ્થરની ચણેલી છે. આ પથ્થરો પણ અનેક યુગ સુધી કાળનો સપાટો લાગવાથી હવે એવા જીર્ણ થઈ ગયા છે કે જેમ કાટથી ખવાએલું લોઢું ભરભર ભુકો થઇ જાય તેમ એને હાથ અડાડતાં તેના ઉપરના પોપડા ભરભર ભુકો થઇ નીચે પડે છે.

આ ગઢનો ઘેરાવો બેથી અઢી માઇલનો હશે. ગઢમાં બે દરવાજા છે: દક્ષિણે કલ્યાણ દરવાજો અને ઉત્તરે પુના દરવાજો. પુના દરવાજેથી પુના તરફ અને કલ્યાણ દરવાજેથી કલ્યાણ જવાતું હોવાથી જ એ નામ પાડયાં છે. કલ્યાણ એ પહાડની દક્ષિણ તળેટીમાંનું એક નાનું ગામ છે. પુના દરવાજામાં ત્રણ દરવાજા છે, અને કલ્યાણ દરવાજામાં બે ઉંચા અને મોટા દરવાજા છે. દરેક દરવાજા પાસે મજબુત ભયંકર બુરજો આવ્યા છે. આવા બુરજો દરવાજા પાસે જ છે એવું નથી. ગઢમાં ઠેકઠેકાણે આવા બુરજો આવેલા છે; દરેક ખુણામાં તો એક એક છે જ. કેટલાક બુરજો ઉપર હજી મોટી મોટી તોપો પડી છે. પણ તેમાં ખીલા ઠોકીને તેને નકામી કરી દેવામાં આવી છે.

ગઢ ઉપર ચડયા પછી આપણું લક્ષ્ય ત્યાં આવેલા કુંડ તરફ બહુ ખેંચાય છે. ગઢ ઉપર પચાસ પોણોસોથી પણ વધારે કુંડો આવેલા છે. પુના દરવાજો ચડતાં પહેલાં જરા બાજુ પરના એક ભોંયરામાં થઇને કુંડ પર જવાય છે. આ કુંડની રચના જોઇને આપણને કૌતક જ થાય છે. રસ્તામાં અર્ધે જતાં એક ગામડું આવે છે, ત્યાંના લોકો અહીંથી જ પાણી લઇ જાય છે. ઉપર આવેલા કુંડોમાંથી કેટલાક સુકાઇ ગયા છે, કેટલાકમાં કાદવ-કચરાનો જમાવ થયો છે, કેટલાકનું પાણી લીલું થઇ ગયું છે, કેટલાકમાં ઝાડનાં મુળીઆંની જાળ પથરાએલી છે, તો કેટલાક દેડકાઓનાં ધામ છે. ફક્ત આઠ દસ કુંડમાં જ સ્વચ્છ પાણી છે. આમાં પણ 'દેવકુંડ' સૌથી ઉત્તમ છે. આ કુંડમાં સદા યે સાકર અને બરફનો જ વાસ હોય એવું લાગે છે! પાણી પણ એટલું બધું નિર્મળ છે કે નીચે ચણોઠી પડી હોય તોપણ તે દેખાઇ આવે. વળી કુંડમાં કેટલાંક લાલ માછલાંઓ આમથી તેમ વિહાર કરીને જોનારને આહ્લાદ આપે છે. આ કુંડ દેખાય છે તો નાનો-સરખો, પણ નીચે પથ્થરની પોલાણમાં તે ઘણો પથરાએલો છે. પાણી એકાદ માથોડા જેટલું ઉંડું છે. કુંડ ઉપર આવેલું એક નાનું અને નાજુક

ઉમરાનું ઝાડ આભૂષણની માફક કુંડને દીપાવે છે. પાસે જ હનુમાનનું એક નાનું મંદિર પણ છે.

દેવકુંડથી થોડે દૂર ' બાલે કીલ્લો ' આવેલો છે. બાલે કીલ્લાને આપણે ગુજરાતીમાં ઉપરકોટ કહી શકીએ. એ ગઢની અંદર ઉંચે આવેલો છે. હંમેશાં રાજરસાલો બાલે કીલ્લામાં જ રહે છે. જો નીચેનો કીલ્લો જીતાઇ જાય તો પણ બાલે કીલ્લામાં રહીને દુશ્મન સામે ટક્કર ઝીલી શકાય. બાલે કીલ્લામાં નાસી છુટવા માટે છુપાં ભોંયરાં પણ હોય છે. સિંહગઢ પરનો બાલે કીલ્લો તો નાશ જ પામ્યો છે, માત્ર તેને નામે એક ટેકરી દર્શાવવામાં આવે છે. દીવાલનું તો નામનીશાન પણ નથી. આ ટેકરી પર ત્રણ ચાર ખંડેરો તથા એક ભાંગ્યુંતુટયું મંદિર નજરે પડે છે.

એ બાલે કીલ્લાની તળેટીમાં મહારાષ્ટ્રવીર તાનાજી માલુસરેની સમાધિ આવેલી છે. એ સમાધિનો ઘાટ મહારાષ્ટ્રમાંના તુલસી વૃન્દાવન જેવો કરીને તેના ઉપર કળશ મુકયો છે. સમાધિ નાની, સાદી અને કાળા પથ્થરની છે. તેમાં એક બાજુ હનુમાન અને બીજી બાજુ હાથમાં ઢાલ તલવાર લઇને વીરાસન જમાવી બેઠેલા વીર તાનાજીની મૂર્તિ કોરેલી



સિંહગઢ પરની તાનાજીની સમાધિ

છે. સમાધિ પાસે બીજા ત્રણ પાળીઆ છે. તેમાંથી એક તાનાજી સામે લડેલા ઉદયભાનુનો અને બીજો સતી કમલકુમારીનો હશે એમ લાગે છે. આ સમાધિ બાલે કીલ્લાની તળેટીમાં છે તેથી તે ગઢમાંની ઘણી જગ્યાએથી જોઇ શકાય છે. કીલ્લાની બીજી બાજુ, જ્યાં તાનાજીનો હાથ કપાયો હતો ત્યાં પણ એક સમાધિ ચણેલી છે એમ કહેવાય છે.

બાલે કીલ્લાની એ જ ઉત્તર દિશાની બાજુએ છત્રપતિ રાજારામની સમાધિ આવેલી છે. આ સમાધિનો ઘાટ મંદિર જેવો છે. તેના ઉપરના કળશમાં બહુ સુંદર કારીગીરી કરેલી છે. અંદરના ભાગમાં એક નાનુંસરખું શિવલિંગ છે. પાસે જ એક મોટો જુનો ઘંટ પડ્યો છે. એક નાનકડો સ્વચ્છ પાણીનો કુંડ પણ ત્યાં છે. સમાધિની આસપાસ સુંદર ફુલવાડી છે. પુના દરવાજા પાસે ખડકમાં કોતરી કાઢેલી એક ઘોડાર (पागा) છે. તે જોતાં બહુ રમુજ ઉપજે છે. આ સિવાય ગઢ ઉપર બીજી કાંઇ ખાસ જોવા જેવી જગ્યાઓ નથી.

કેટલાક શ્રીમંતો ગઢ ઉપર ઉનાળો ગાળવા આવે છે, તેમણે ઉપર બંગલાઓ બંધાવ્યા છે. આવા આઠ દસ બંગલાઓ ગઢ ઉપર છે. આમાં એક બંગલો લોકમાન્ય તિલક મહારાજનો પણ છે. તેઓ છેલ્લાં પચ્ચીસ વર્ષ થયાં ઉનાળો સિંહગઢ ઉપર જ વીતાડતા. ગઢ ઉપરના બુરજો જોવા લાયક છે. અને તેમાં પણ ઝુંઝાર બુરજની રચના તો નીચેથી ખાસ જોવા જેવી છે.

ગઢ ઉપર આવવાનો મુખ્ય રસ્તો પુના તરફનો છે. પહાડની તળેટી સુધી ધોરી રસ્તો આવે છે, અને તેના ઉપર મોટર, ગાડાં સઘળું આવી શકે છે. તળેટીથી ઉપર આવવા સારૂ એક કરાડ ઉપર અજગરના આકારનો પાંચેક ફુટ પહોળો વાંકોચુંકો રસ્તો છે. એ સીવાય ઘોડાઓ આવી શકે એવો એક બીજો રસ્તો છે, પણ તે લાંબો છે. પેલા ટુંકા રસ્તા ઉપર ખુરસી સીવાય બીજી કોઇ પણ જાતનું વાહન નથી આવી શકતું. શેઠીઆઓ અને દરદીઓ ખુરશી પર બેસી ગઢ ઉપર આવે છે. આ ખુરશી

ચાર માણસો ઉપાડી લાવે છે. તડકામાં આ પહાડ ઉપર ચડવું જરા ભારે પડે છે, કારણકે રસ્તા પર ઝાડનો છાંયો નથી આવી શકતો, અને પાણી તો ક્યાંય મળતું જ નથી. બરાબર અર્ધે રસ્તે પાંચ છ ઘરોનું એક ગામ (મેટ) છે. ત્યાંના લોકોને પૈસા આપવાથી પીવાનું પાણી મળે છે. તેઓ ગઢ ઉપરથી પાણી ખેંચી લાવતા હોવાથી પાણી માટે ઉદાર નથી બની શકતા. નીચેથી ગઢ ઉપર ચડતાં આપણા જેવા માણસને સામાન્ય ચાલે સવા કે દોઢ કલાક લાગે છે. જો ગઢ જોવાને જ ઉપર ગયા હોઇએ અને કોઇ બંગલાવાળા સાથે ઓળખાણ ન હોય તો છત્રપતિ રાજારામની સમાધિનો પુજારી પોતાના ઘરમાં ઉતારો આપે છે. ગઢ ઉપર પાણી સીવાય કાંઇ મળતું નથી. કદાચિત્ પુજારી દુધ આપે કે દુધનો માવો પણ આપે. બે ચાર જાંબુનાં, બે ચાર ઉમરાનાં અને કેટલાંક બીજાં પરચુરણ ઝાડો છે. થોર અને કેટલાક આંબા પણ પહાડના જંગલમાં છે. આ, ગઢની આસપાસના દૃશ્યનું, ગઢના પહાડનું અને ગઢની અંદરનું વર્ણન થયું. હવે ગઢના ઇતિહાસ તરફ વળીએ.

આ ગઢને પહેલાં કોંડાણા કહેવામાં આવતો, પણ ગઢ તાબે કરવામાં પોતાના સિંહ સમા શુરવીર સરદાર તાનાજીના પડવાથી શીવાજીએ એનું નામ સિંહગઢ પાડ્યું. એની વાત એવી છે કે શીવાજી પાસેથી દગો કરીને ઔરંગઝેબે સુલેહની શરતોમાં આ કીલ્લો લઇ લીધેલો. આ પછી અમુક કાળ વીત્યા બાદ એક દિવસ શીવાજીનાં માતા જીજાબાઈ રાજગઢ ઉપર બેઠાં હતાં, ત્યાં કોંડાણા તરફ તેમનુ લક્ષ ખેંચાયું અને તેમણે શીવાજીને કહ્યું કે 'હવે તો કોંડાણા હાથ કરવો જ જોઇએ.' આ વાત-ચીત થયા બાદ થોડીવારે શીવાજીના જમણા હાથ રૂપ ગણાતો તેનો સરદાર તાનાજી પોતાના પુત્રનો લગ્ન પ્રસંગ હોવાથી શીવાજીને આમંત્રણ દેવા આવ્યો. શીવાજીએ તેને કહ્યું કે 'માતાજીની આજ્ઞા કોંડાણા જીતવાની થએલી હોવાથી તમારા પુત્રના લગ્ન પ્રસંગે હું કેવી રીતે આવી શકું?' આ સાંભળતાં જ વીર તાનાજી એકદમ ઉછળીને બોલી ઉઠ્યો, 'મહારાજ, મને એ કામ સોંપો. હજી સુધી આપે મને સ્વતંત્ર કાર્ય નથી સોંપ્યું. આજે જુઓ કે આ 'તાનો' ગઢ કેવી રીતે તાબે કરે છે તે.' ઘણી રકઝક થયા બાદ તાનાજીએ ગઢ લેવો એમ ઠર્યું.

ઔરંગઝેબને કોંડાણા વીશે બહુ ભય રહેતો, તેથી તેણે પોતાના એક અતિ વિશ્વાસુ, મુસલમાન થએલા રજપુત સરદાર ઉદયભાનુને સિંહગઢનો કીલ્લેદાર નીમ્યો હતો. ઉદયભાનુએ કીલ્લા ઉપર સખત પહેરો રાખ્યો હતો. ગઢની આસપાસના દસ દસ માઇલ સુધીના ઘેરાવામાં પોતાની પરવાનગી સીવાય કોઇને અંદર આવવા દેવાની તેણે બંધી કરી હતી. તાનાજીએ પાંચછ દિવસ સુધી અનેક યુક્તિ પ્રયુક્તિ કરીને ગઢ તાબે કરવાનો ઉપાય શોધી કાઢ્યો, અને અમાસની રાત્રે તેણે એવી ગોઠવણ કરી કે પોતાનો ભાઈ સૂર્યાજી કલ્યાણ દરવાજા પાસેની ખીણમાં પાંચસો માવળા વીરને લઇને ઉભો રહે; તાનાજી પોતે પચાસ ચુનંદા, શુર અને હોંશીઆર માણસોની ટુકડી લઇને રાતના ગઢ ઉપર ચડે, અને કલ્યાણ દરવાજો ઉઘાડે. એ જ દિવસે ઉદયભાનુ એક સતી સાથે બળાત્કારે વિવાહ કરવાનો હતો અને સતી આપઘાત કરવાની હતી. તાનાજીએ આગલે દિવસે-એટલે કે ચૌદશને દિવસે એવું પણ લીધેલું કે 'જ્યાં સુધી હું એ સતીને મુક્ત ન કરૂં, ત્યાં સુધી મોંમાં અન્ન કે પાણી ન લઉં.' અમાસની રાત્રે લગ્નપ્રસંગ હોવાથી બધા પહેરા શિથિલ થઇ ગયા હતા, અને તાનાજીએ ચડવાની જે જગ્યા શોધી કહાડી હતી ત્યાંના પહેરેગીરો તો દારૂ પીને નશામાં બેભાન થઇ પડ્યા હતા. તાનાજીએ એક ભીંત જેવી ઉભી કરાડ ઉપર પાટલા ઘોને રેશમી દોરડું બાંધીને ચડાવી, અને પોતે, એ દોરડાને આધારે, મોંમાં હથોડો, મેખો અને દોરડાં લઇને ઉપર ચઢ્યો. ઉપર જઇને મેખો મારી, તેને દોરડાં બાંધી નીચે ઉભેલા પોતાના બીજા પચાસ સૈનિકોને તેણે ઉપર લીધા અને પહેલું કામ ઝુંઝાર બુરજ પરની ચકી તોપમાં ખીલો મારવાનું કર્યું. આ ખીલો ઠોકાયો તેના અવાજથી દુશ્મનો સજ્જ થઈ ગયા અને યુદ્ધ

જામ્યું. તાનાજીનાં માણસો-એ કલ્યાણ દરવાજો ઉઘાડયો, પણ સૂર્યાજીને આવતાં વાર લાગી, તેથી આ પચાસ સૈનિકોને ખુવાર થવું પડયું. તાનાજી અને ઉદયભાનુનું દ્વંદ્વયુદ્ધ મચ્યું. એક રજપુત વીર ને બીજો માવળો વીર. કોણ કોનાથી હારે? છેવટે તાનાજીનો હાથ કપાયો. હવે તાનાજી હારવા ઉપર આવ્યો. તેણે ઝનુનમાં આવી જોરથી ઉદયભાનુ ઉપર સજ્જડ ઘા કર્યો; પણ તેણે તાનાજીના તાળવા ઉપર સખત પ્રહાર કરી તાનાજીને પાડયો; તાનાજીને પાડીને પાંચ દસ મીનીટમાં પોતે પણ પડયો. ત્યાં તો સૂર્યાજી આવી પહોંચ્યો. તેણે પરાક્રમ કરી ગઢ તાબે કર્યો. શીવાજીને ગઢ તાબે થયાની ખબર મળી; પણ તાનાજીના પડયાના સમાચાર સાંભળી તે બહુ દુ:ખી થયા. તેમણે નીસાસો નાખીને ઉદ્દગાર કાઢયો કે 'ગઢ તો આવ્યો પણ સિંહ ગયો.'



તાનાજી અને ઉદયભાનુનું દ્વંદ્વયુદ્ધ

તેમણે તાનાજીનાં ફુલ (રાખ) ઉપર એક સુંદર સમાધિ ચણાવી અને તાનાજી જે જગ્યાએથી ચડયો હતો ત્યાં દીવાલ ચણી લઇ ત્યાંથી કોઇ ન આવી શકે એવું કરી દીધું. વીર તાનાજીની યાદગીરી માટે ગઢનું નામ સિંહગઢ પાડયું. તાનાજી જે જગ્યાએથી આવેલો તે જગ્યા ગઢની નૈઋત્ય દિશામાં છે. અત્યારે તેના ઉપર ત્રણસો વર્ષનો કાળ ફરી વળ્યો છે, તેથી તે કેવી રીતે આવ્યો હશે તે નથી સમજાતું. વળી દર વર્ષ ત્યાંથી પાણીનો ધોધ પડતો હોવાથી તે જગ્યા ઉભી ભીંત જેવી થઈ ગઇ છે.

શીવાજીના હાથમાં ગઢ આવ્યા પછી પાછો આ ગઢ ઓગણીસમા સૈકામાં અંગ્રેજોએ બાજીરાવ પાસેથી લીધો. ગઢમાંથી તેમને પુનાનો અખુટ દ્રવ્ય-ભંડાર મળી આવ્યો. આ ગઢથી જ પુના અને તેની આસપાસના પ્રદેશનું રક્ષણ થઇ શકતું. પુના પર

ભય આવ્યો ત્યારે ત્યાંના ધનાઢ્યોએ પોતાના ધનનું રક્ષણ થાય એ માટે તેને સિંહગઢમાં મુક્યું. પણ તેમની એ ધારણા સફળ ન થઇ.

અંગ્રેજોના હાથમાં આ ગઢ આવ્યા પછી પચાસ સાઠ વર્ષ સુધી એ તેઓનું હવા ખાવાનું ઠેકાણું હતું; પણ મહાબળેશ્વરની શોધ થયા બાદ તેમણે આ જગ્યા છોડી દીધી. અહીનાં હવાપાણી દરદીઓને માટે બહુ સારાં ગણાય છે. દેવકુંડનું પાણી તો વળી બહુ જ પાચક લેખાય છે.

આ ગઢ ક્યારે બંધાયો એનો પત્તો નથી લાગતો. એક એવી દંતકથા છે કે કૌંડિલ્ય ઋષિએ આ ગઢ બાંધ્યો, તેથી તેનું નામ કોંડાણા પડ્યું. ગઢની પૂર્વ દિશાના મેદાનમાં કોંડણપુર નામે ગામ છે તેનો પણ આધાર આ કથા સિદ્ધ કરવામાં લઈ શકાય. ગમે તેમ હો, પણ ગઢ એક હજાર વર્ષથી યે જુનો હશે એમ લાગે છે.

['મધપુડા'માંથી] **પ્રભુદાસ ગાંધી**

ફુલવાડી

[ગોવિંદરામ જુનાગઢ પાસેના માણાવદર ગામના વતની બ્રાહ્મણ હતા. એમની કવિતાની સાલ ઉપરથી લાગે છે કે એ સંવત ૧૮૩૭ થી ૧૮૯૦ દરમીઆન થઇ ગયા.

એમણે ચંદ્રાવળા છંદમાં લોકોને સાફ લખેલો ઉપદેશ કાઠીઆવાડમાં કેટલેક ઠેકાણે જાણીતો છે. કવિ દલપતરામે એમના ચંદ્રાવળાનો પ્રથમ સંગ્રહ કરેલો. એમના લખાણમાં કુદરતી આવેગ ને ભાષાનું સચોટપણું ખુબ છે.]

:ચંદ્રાવળા છંદ:

બાપનો ચીલો

કેનોક બાપ હતો એક કાણો, તેની ફુટલ આંખ્ય,
તેનો પુત્ર થયો દેખતો, તેને કહે ફોડી નાંખ્ય;
તેને કહે તું ફોડી નાંખ્ય તે આંખ્ય
ને તારા બાપનો ચીલો રાખ્ય,
કહે ગોવિંદરામ હરિનું નામ વખાણો,
કેનોક બાપ હતો એક કાણો.

વોરાનું નાડું

ગાડા ઉપર વોરો બેઠો, વાટે ચાલ્યું જાય,
મારગમાં શેઢા આવ્યા, ઉચાનીચું થાય;
ઉચાનીચું થાય તે ગાડું,
વોરાજી તમે ઝાલજો નાડું,
કહે ગોવિંદરામ જઇ પડ્યો હેઠો,
ગાડા ઉપર વોરો બેઠો.
સવળું કેતાં સમજ્યો આડું, તેની સમજણમાં બહુ ફેર,
ગાડા ઉપરથી પડતું મેલ્યું, માથું થઇ ગયું ઠેર;
માથું થઈ ગયું ઠેર તે ફુટી,
તોય મુરખ મેલે નહી મુકી,
કહે ગોવિંદરામ એ વોરાનું નાડું,
સવળું કેતાં સમજ્યો આડું.

હકેથી લઈએ ને હકેથી દઈએ

હકેથી લઈએ ને હકેથી દઇએ, હકનું અજમ થાય,
અણહકનો આનો આવે તો ઉલટી બરકત જાય;
ઉલટી બરકત જાય તે કમાણી,
દુધનું દુધ ને પાણીનું પાણી,
કહે ગોવિંદરામ બીતા હરિથી રહીએ,
હકેથી લઇએ ને હકેથી દઇએ.
મતવી નાખતી દુધમાં પાણી, તેની ઘડાવી નથ,
પાણી ભરતાં પડી ગઈ, તે ગઇ ખબડખત;
ગઇ ખબડખત તે ગઇ,
પછી તો વિચારી રહી,
કહે ગોવિંદરામ પાછળથી પસ્તાણી,
મતવી નાખતી દુધમાં પાણી.

આંધળાભીંત

કુવાડો ચંદનને કાપે, એ દુષ્ટની રીત્ય
હરિ હરિજનની નિંદા માંડે, અબુજ આંધળા ભીંત્ય.
અબુજ આંધળા ભીંત્ય તે આમે
કર્યાં કરમનાં ફળ તે પામે;
કહે ગોવિંદરામ સુગંધી ઉલટી આપે,
કુવાડો ચંદનને કાપે.

પાણીનું તુંબડું

તુંબડું પાણીમાં બોળીએ ઉંડું, તે બાહેર નીસરે આપ,
ખુણે કામ કરે જે ખોટાં, તે પ્રગટ થાયે પાપ;
પ્રગટ થાયે પાપ તે કેવું,
ખરે ચડીને ચાલ્યા જેવું;
કહે ગોવિંદરામ એવું કામ છે ભુંડું,
જેમ તુંબડું પાણીમાં બોળીએ ઉંડું.

હસ્તલિખિત માસિકો

ગુજરાતની ઘણી વિદ્યાર્થી સંસ્થાઓ તથા યુવાન મિત્રમંડળોમાં હમણાં બેએક વર્ષથી હસ્તલિખિત માસિકો કાઢવાનો શૉખ ખુબ વધ્યો જણાય છે. આ પ્રથાની શરૂઆત ગુજરાતમાં પ્રથમ કોણે અને ક્યારે કરી તેનો ઇતિહાસ શોધવાની તીવ્ર ઇચ્છા દરેક હસ્તલિખિત પત્રના તંત્રીને હોવી જોઇએ. છતાં દિલગીરીની વાત છે કે અત્યાર સુધી મારા જોવામાં આવેલા કોઇપણ હસ્તલિખિત પત્રના તંત્રીએ, પોતાને પત્ર કાઢવાનું કેમ સુઝ્યું તેની વાત જણાવી જ નથી. આથી થાય છે એમ, કે એવી દરેક સુંદર પ્રવૃત્તિનું મુળ ગુપ્ત જ રહી જાય છે.

દરેક કામ કે ભાવના કોઇ પૂર્વની ક્રિયામાંથી જન્મ પામે છે. આપણા જીવનની બધી બાબતોમાં આપણી પહેલાં કામ કરી ગએલા એવા પૂર્વપુરુષોનો વારસો ન હોત તો આજે આપણે દરેક બાબતમાં એકડે એકથી જ મહેનત કરવી પડત. આમ હોવાથી, જોકે નવી પ્રવૃત્તિ શરૂ કરનારની અપૂર્વતા જરા યે ઓછી ગણાય નહિ, છતાં જેના કામમાંથી પોતાને પ્રેરણા મળી હોય તે પૂર્વપુરુષની મહેનતનું ઋણ સ્વીકારીને પછી તે પર આગળ રચના કરીએ કે નવીન પ્રવૃત્તિ યોજીએ તો આપણે સંસારની એક પ્રમાણિક પદ્ધતિને આશ્રય આપ્યો ગણાય.

આ વિચારનો યોગ્ય આચાર થાય એ હેતુથી ગુજરાતનાં મળી શકે તેટલાં હસ્તલિખિત માસિકોનો ટુંકો ઇતિહાસ અને સમાલોચના 'કુમાર' માં વખતોવખત આપવાનો અમે ઇરાદો રાખ્યો છે.

આ લેખકની જાણમાં આવેલાં પહેલાં હસ્તલિખિત માસિકોમાં ચરોતર કેળવણી મંડળની શાળાના વિદ્યાર્થીઓનાં, તથા શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનાં ત્રણચાર હસ્તલિખિત પત્રો હતાં. ત્યાર પછી એકાએક ગોંડલના બચુભાઇ રાવતનું 'જ્ઞાનાંજલિ' નજરે પડ્યું. ચિત્રકળા અને સાહિત્યની સુંદર યોજના ત્યાં પહેલી જ વાર દેખાઇ. ૧૯૨૭ ની સાલથી નીકળતા એ હસ્તલિખિતમાં વિવિધતાભર્યા લેખો, ચતુરાઇભર્યા અક્ષરો ને બીજી કેટલીક સુંદર નવીનતા જોઇ, એ માસિક જોડે મારો સહકાર થયો. 'જ્ઞાનાંજલિ'ના તંત્રી કબુલ કરે છે કલા અને સાહિત્યની માસિકમાં એકસાથે ગોઠવણ કરવાની પ્રેરણા તેમને મુળ 'વીસમીસદી' તથા બીજાં અંગ્રેજી માસિકો ઉપરથી મળી હતી. આ રીતે 'વીસમીસદી' ગુજરાતના કેટલા યે અજાણ્યા ખુણાઓ સુધી પ્રેરણા ને સંસ્કાર પહોંચાડી શક્યું હશે. બચુભાઇ રાવત પત્રકારી કલાના સંસ્કાર માટે જેમ 'વીસમીસદી'નું ઋણ સ્વીકારે છે, તેમ હસ્તલિખિત કાઢવાની મુળ સ્ફુરણા માટે, જુનાગઢ કૉલેજમાંથી તેમના મિત્ર ભાઇશંકર દ્વિવેદીના તંત્રીપણા નીચે (એ અરસામાં છ સાત વર્ષથી) નીકળતા 'જ્ઞાનજ્યોતિ' નામના હસ્તલિખિતનું ઋણ કબુલે છે. 'જ્ઞાનજ્યોતિ' અને 'જ્ઞાનાંજલિ' નામો પણ નજીકનજીકની સગાઇ ધરાવે છે.

આમ છતાં બચુભાઇ રાવતે 'જ્ઞાનાંજલિ'ના એક પછી એક અંકોમાં બીજી છાયાઓ દૂર કરી સ્વયોજનાનો પ્રકાશ બતાવ્યો છે. 'જ્ઞાનાંજલિ'નાં પ્રથમના અંકોમાં અંગ્રેજી અને બીજાં પરદેશી ચોપાનીઆંનું સ્પષ્ટ અનુકરણ થતું હતું, તેને બદલે ધીમેધીમે તેના અભ્યાસથી ફળીભૂત થએલી નવીન સંસ્કારી યોજનાઓ અને આકૃતિઓ ઉભી થવા લાગી, અને તેના છેવટના અંકો તો સાવ સ્વતંત્ર અને જર્નાલિઝમની નવીન (પત્રકારી) કલાના નમુના રૂપ થયા છે. એ ઉપરાંત એમણે નમુના તરીકે સ્ત્રીઓ માટે 'ગૃહલક્ષ્મી' નામના પત્રનો એક



'જ્ઞાનાંજલિ'નો સંવત ૧૯૭૬ નો દીવાળીનો અંક



સંવત ૧૯૭૬ ના દીવાળીના અંકનું મુખપૃષ્ઠ

અંક તથા એક નાજુક હસ્તલિખિત અઠવાડિકના અંકો પણ હાથે લખીને એક મહીના સુધી કાઢેલા. હાલ એ પોતાની હસ્તલિખિત માસિકની પ્રવૃત્તિ બંધ કરી, તેમાંથી મેળવેલા અનુભવ અને સંસ્કારનો લાભ 'કુમાર'ના સહતંત્રી તરીકે ગુજરાતને આપી રહ્યા છે.

ખુદ 'કુમાર' પણ ભાવનગરમાં ભાઇ અનંત અને ઉપેન્દ્રને હાથે પ્રથમ હસ્તલિખિત રૂપમાં જ નીકળતું એ વાત અમે 'કુમાર'ના પ્રથમ અંકમાં જાહેર કરી છે. 'કુમાર' હાથે લખાવું શરૂ થયું. તે અરસામાં 'જ્ઞાનાંજલિ'નો અંક તેમને જોવા મળેલો, અને તે પરથી તેમણે પોતાના માસિકમાં ઘણા કલાયુક્ત ફેરફારો દાખલ કરેલા.

મિત્રમંડળ મારફત 'જ્ઞાનાંજલિ' અમદાવાદમાં ઘણા વખત સુધી ઘણે ઠેકાણે ફરેલું. તે અરસામાં ભાઈ અંબાલાલ પુરાણીના હાથ નીચે ગુજરાતમાં અખાડાઓની શરૂઆત થતી હતી, અને તેમાં પણ હસ્તલિખિત માસિક નીકળતાં. અખાડાના વિદ્યાર્થીઓ વાંચન પરથી અને અનુભવથી લેખો લખતા, જુદા જુદા તંત્રીઓ થતા, અને એ રીતે લેખન સાહિત્યનો અભ્યાસ થતો. અંબુભાઇ પુરાણી પોતે કલાના રસીઆ, એટલે અખાડાના એકબે ચિત્રના સંસ્કારી વિદ્યાર્થીને આ લખનારના સહવાસમાં મુક્યા. એ લોકોએ 'જ્ઞાનાંજલિ' ખુબ જોયું, તેમાંથી પ્રેરણા લીધી અને તેનો ચેપ અખાડાના માસિકમાં લગાડયો. ત્યાર પછી તો બધા અખાડાનાં માસિકોમાં એ પ્રેરણા ફેલાઇ ગઈ ને એ માસિકો ઉત્તરોત્તર કલાની વિવિધતાવાળાં થતાં આવ્યાં છે. તેના છેલ્લાં ત્રણ વર્ષના દીવાળીના ખાસ અંકો તો 'જ્ઞાનાંજલિ'ની જ છાયા રૂપ કહી શકાય. માત્ર લેખોનું ધોરણ અખાડાના આદર્શોને અનુકુળ હોય તે સ્વાભાવિક છે. અત્યારે તો એ અખાડાના માસિક 'વિદ્યાર્થી'ના સંચાલકો 'કુમાર'ના પણ અંગભૂત મિત્રો છે.

કુમારિકાઓ અને સ્ત્રીઓ તરફથી પણ આ પ્રવૃત્તિ ઓછો આદર પામી નથી. અમદાવાદમાં 'જ્ઞાનાંજલિ'ના દેખાવ પછી તરત જ તેની પ્રેરણાને

પરિણામે, વનિતા વિશ્રામની વિદ્યાર્થિનીઓ ને શિક્ષકોના સહકારથી હસ્તલિખિત 'ઉષા'એ સ્ત્રીસ્વભાવયોગ્ય નાજુક અને સુંદર રૂપમાં દેખાવ દેવા માંડ્યો, અને સંસ્કાર, જ્ઞાન તથા કલાની લ્હાણી કરવા માંડી.

અખાડાનાં માસિકોની શરૂઆત સાથે જ રા. બ. રમણભાઇના કુટુંબનાં અને બીજાં બાળકો તરફથી નીકળતું 'મુકુલ' નામનું હસ્તલિખિત માસિક જાણીતું થયું હતું. તેમણે કળાનો શોખ અને સંસ્કાર બહુ સુંદર રીતે દર્શાવ્યાં છે. ચિત્રો કરતાં ન આવડે તો પરદેશી ચોપાનીઆનાં ચિત્રો કાપી તેને શોભીતી રીતે પોતાના માસિકમાં ઠેરઠેર ચોઢીને પણ સુશોભન કરવાની વૃત્તિ એમણે દર્શાવેલી. તેમના એ માસિકમાં આવેલા લેખોનો એક સારભૂત સંગ્રહ 'મુકુલ' નામના પુસ્તક રૂપે છપાઇને પણ બહાર પડ્યો છે.



અમદાવાદ સારંગપુર અખાડાનું હસ્તલિખિત માસિક



સાબરમતી રાષ્ટ્રીય વિદ્યામંદિરનું હસ્તલિખિત દ્વિમાસિક

આ બધી પ્રવૃત્તિઓથી તદ્દન નિરાળા વાતાવરણમાં સત્યાગ્રહાશ્રમના વિદ્યાર્થીઓ 'મધપુડો' નામનું હસ્તલિખિત દ્વિમાસિક દર ઋતુએ બહાર પાડી રહ્યા હતા. એ ઉપરાંત ત્યાં શ્રી નરહરિ પરીખના તંત્રીપણા નીચે શિક્ષણના પ્રશ્નો ચર્ચતું 'વિનિમય' અને લોકસાહિત્ય સંઘરતું શ્રી જુગતરામ દવેનું 'માણભટ્ટ' પણ નીકળતાં. 'મધપુડા'માં કાકાસાહેબ કાલેલકરની સંસ્કારી કલાવૃત્તિ અને ઉચ્ચ સાહિત્ય પ્રેરણાની ચોખ્ખી અસર હતી. વિદ્યાર્થીઓ સત્ય, સૌંદર્ય અને જ્ઞાનની અનુપમ પ્રસાદી જેવા લેખો મધમાખીઓની પેઠે એ 'મધપુડા'માં ભરી રહ્યા હતા. તેમાં ચિત્રકળાને બહુ સંયમી રૂપમાં છતાં શિષ્ટ ભાગ મળેલો. 'મધપુડા'નાં મધુબિંદુઓ 'કુમાર'ના વાંચકોને એ મક્ષમાખોને પ્રતાપે વારંવાર મળતાં રહ્યાં છે અને તેનું ઋણ 'કુમાર' આભાર સાથે સ્વીકારે છે.

ત્યાર પછી તો ચારેકોરથી હસ્તલિખિત માસિકોનાં દર્શન કોઇ ચમત્કારિક વૃદ્ધિમાં થવા લાગ્યાં. તેનું થોડું પ્રદર્શન આણંદના ચરોતર કેળવણી મંડળમાં તથા અમદાવાદની પત્રકાર પરિષદ વખતે થયું હતું. અમદાવાદના પ્રદર્શનમાંનું ભાઇ જગમોહન મિસ્ત્રીનું 'બકુલ' નામનું ત્રિમાસિક કલા અને લેખોમાં આકર્ષક જણાયું હતું. તે પછીના 'બકુલ'ના અંકો વધારે ને વધારે સારા થતા આવ્યા છે. એના તંત્રી ભાઇ જગમોહન, છેલ્લાં થોડાં વર્ષોથી 'કુમાર'ના ચિત્રકાર મંડળમાં છે, અને તેમના કલાસંસ્કાર માટે તે હમેશાં એ મંડળના ઋણી ગણાશે. 'જ્ઞાનાંજલિ'ની છાપ હજુ પણ 'બકુલ' પર સ્પષ્ટ છે; છતાં જે ઝડપથી ભાઇ જગમોહને તેની કલાવૃત્તિ ખીલવી છે તે માટે તેમનો યશભાગ અમે જરા યે ઓછો ગણતા નથી.

થોડા જ વખત પહેલાં અમદાવાદની 'સાહિત્ય ઉત્તેજક સમાજે' પોતાનો વાર્ષિક ઉત્સવ કર્યો તે વખતે તેમની તરફથી નીકળતું 'હૃદયવીણા' નામનું સુંદર હસ્તલિખિત પત્ર જોવામાં આવ્યું. આ સમાજના સભ્યોએ પરસ્પરના સહકારથી રાયપુરમાં એક નાની પણ સુંદર લાયબ્રેરી ચાલુ કરી છે, અને તે સંસ્થા ખરેખર ઘણી ઉપયોગી નીવડી છે. 'સાહિત્ય ઉત્તેજક સમાજ'ના સંચાલકો પણ વિદ્યાર્થીઓ જ છે,



ભાઈ જગમોહન મિસ્ત્રીનું હસ્તલિખિત ત્રિમાસિક



'સાહિત્ય ઉત્તેજક સમાજ' નું હસ્તલિખિત

અને તેમના પત્ર 'હૃદયવીણા'માં દરેક સભ્યના સંસ્કાર અને જ્ઞાનનું સુંદર પ્રતિબિંબ છે.

એ ઉપરાંત ઉંચી જાતનું સુંદર સાહિત્ય સંઘરતા ભાઈ માણેકલાલ નાગરદાસના હસ્તલિખિત 'અંકુર'ની કીર્તિ સાંભળી છે, અને શેઠ અંબાલાલ સારાભાઈનાં બાળકો તરફથી નીકળતું સુંદર 'અંજલિ' પણ જોયું છે.

ઉમરેઠમાં ગયા વિદ્યાર્થીસંમેલન વખતે તેના ચાલકોએ મળી શક્યાં તેટલાં હસ્તલિખિત માસિકોનું પ્રદર્શન કર્યું હતું. તેમાં લગભગ ચાળીસેક માસિકો નજરે પડયાં હતાં. એમાંનાં ઘણાખરાં કલાયુક્ત રૂપમાં ને સારૂં સાહિત્ય ધરાવનારાં હતાં. આ બધાંનો ખ્યાલ એક જ વખતે આપવો અશક્ય છે.

પણ એક વાતમાં ઘણાંખરાં માસિકોની ન્યૂનતા જણાઈ છે, અને તે એકસરખી સુંદર લખાવટની. જેમણે 'જ્ઞાનાંજલિ' જોયું છે તેમને તેની સુઘડતા, એકધારી સુવ્યવસ્થિત અક્ષરમાળા, ને વિવિધતાભરી અક્ષરોની આકર્ષક યોજના અદ્વિતીય લાગ્યાં હશે.

પ્રાથમિક શાળાના નાના વિદ્યાર્થીઓને પણ આ હસ્તલિખિતના 'વા'નો રસ લાગ્યો છે, અને તેઓ પણ 'અમારૂં માસિક' કહીને જે ગંભીરતા તથા ઉત્સાહથી તે તૈયાર કરે છે તે જોવામાં આનંદ પડે છે. આ વખતે 'વીસમીસદી'ના તંત્રી સ્વ. હાજી-મહમ્મદનો દસેક વરસનો પુત્ર હબીબ, પોતાના પિતાનું અનુકરણ કરીને, પોતાને હાથે થોડાં કોરાં પાનાંમાં ચિત્રોની કાપલીઓ ચોઢી પોતાનું જુદું નાનકડું 'વીસમીસદી' કાઢતો તે વાત યાદ કરવા જેવી છે.

પરંતુ આ વાતોનો અંત અહીં જ આવે એમ નથી. હજી તો આ પ્રવૃત્તિની વિવિધ વાટિકાઓમાંથી કેટલાં યે નવરંગી ફુલો ઉતરશે. એમાંનાં જે જે અમારે હાથ પડશે તેની ફોરમ 'કુમાર'ના વાંચનારને જરૂર આપતા રહીશું.

અમેરિકાના વિદ્યાર્થીઓ : દામોદર કોસંબીનું વૃત્તાંત

'બાબા'

ગયા 'કુમાર'માં અમે શ્રી ધર્માનંદ કોસંબી વીશે એમની 'આપવીતી'માંથી સારરૂપ હકીકત આપી હતી. હમણાં જ અમે એમના ચિરંજીવી ભાઇ દામોદર કોસંબીને મળવા ગયા હતા. હજુ મુછનો દોરો ફુટ્યો નથી એવો ઉછરતો જુવાન અમે જોયો. એનું લાડનું નામ 'બાબા' છે. અંગો ખીલેલ ને કસાએલ, શરીરનો બાંધો મજબુત ને કદાવર, મન તેજીલું ને ચકોર, બોલી ચોખ્ખી ને ઉચ્ચાર સ્પષ્ટ ભાઇ દામોદર કોસંબી Y. M. C. A. ના સરસ સ્કાઉટ છે. Y. M. C. A. એ આખા જગતમાં પ્રસરેલું મોટું 'ક્રિશ્ચીઅન યુવકમંડળ' છે. એની શાખાઓ દૂર અમેરિકા અને હીંદુસ્તાનમાં મુંબાઇ, કલકત્તા વગેરે ઘણે ઠેકાણે છે. એ મંડળમાં ક્રિશ્ચીઅન હોય તે જ દાખલ થઇ શકે એવું કાંઈ નથી. ગમે તે ધર્મ પાળતો યુવક એનો સભાસદ થાય. એ સંસ્થાની શાખાનું જ્યાંજ્યાં થાણું હોય ત્યાંત્યાં યુવકવર્ગની પ્રવૃત્તિ ચાલુ રહે છે અને અનેક જાતની મદદ મળે છે. ભાઇ દામોદર એટલા સારા સ્કાઉટ છે કે અહીંની અખાડા વગેરેની પ્રવૃત્તિ એમને નજીવી લાગે છે; અને એક સરસ સ્કાઉટ તરીકે તેમણે અમેરિકાના યુવકવર્ગમાં નામ કાઢ્યું છે. ફોટોગ્રાફી પણ એ સારી જાણે છે. હજુ એ શરમાળ વિદ્યાર્થી છે એટલે લખીબોલીને કે મળીને બહાર પડતા નથી. એમની સાથે આશરે એક કલાક સુધી થએલી અમારી વાતચીતનો સાર અહીં 'કુમાર'ના વાચકોની પ્રેરણા માટે સંઘરીએ છીએ.



ભાઇ દામોદર કોસંબી

હું પોતે

"પુનાની ન્યુ હાઇસ્કુલમાં હું ચોથું ધોરણ ભણતો હતો ત્યારે અમેરિકા ગયો. મારો પોશાક અને મારી બોલીચાલી ત્યાંનાં જેવાં થયાં. ઇંગ્લાંડના કરતાં અમેરિકાનો જુવાનવર્ગ હીંદી વિદ્યાર્થીઓ તરફ વધુ સારી રીતે વર્તે છે. અને તેમાં પણ જેઓમાં તેજ હોય—પ્રાણ હોય તેમને તો તેઓ મિત્ર કે ભાઇ જેમ ચાહે છે. પણ પ્રમાણમાં ત્યાં જુજ હીંદી વિદ્યાર્થીઓ છે.

અહીં મને ગણિતનો શૉખ લાગ્યો. એ શૉખનું કારણ અમારા એક ગણિતનિષ્ણાત શિક્ષક હતા. અમે હતા તો હાઇસ્કુલના વિદ્યાર્થીઓ; પણ અમારૂં શિક્ષણનું અને અભ્યાસનું ધોરણ ઉંચું હતું. દેશમાં આવ્યા પછી મેં ગણિતનો મારો અભ્યાસ ખાનગી રીતે આગળ ચલાવ્યો છે, અને આજ હું કોઇપણ બી. એ. ના કરતાં આગળ છું. ધરપાક તો હું કોઇ દહાડો કરતો જ નહિ; છતાં કદી હું નાપાસ પડ્યો નથી.

'કિરીટ'ની વાર્તાવાળા શ્રી ધનગોપાલને હું મળ્યો નથી; પણ મેં એમની રસાળી વાર્તાઓ વાંચી છે. શ્રી ધન—

ગોપાળ ત્યાં ખુબ લોકપ્રિય થઇ ગયા છે.

કળાનો મને ખાસ અભ્યાસ નથી. છતાં સુંદર ફોટાઓ ને ચિત્રો જોવા-સમજવાં મને ઘણાં ગમે છે.

શિક્ષણ

"અહીંના કરતાં ત્યાંનું શિક્ષણ સરસ તો છે જ; કારણકે એ લોકોને શિક્ષણની ઢબ આવડે છે. એ ઢબે જો અહીં હીંદી વિદ્યાર્થીઓને શીખવવામાં આવે તો આપણા છોકરાઓ તો જરૂર કમાલ કરે.

અમેરિકામાં જુદાજુદા શિક્ષણનાં ૧૮ ખાતાં છે, અને તે દરેકના પેટા વિભાગ ગણીએ તો જુદાજુદા ૬૦૦ અભ્યાસક્રમ છે. પહેલાં તો મને સુઝ જ ન પડી કે મારે કયો અભ્યાસ કરવો ને કયો ન કરવો.

હાઇસ્કુલમાં વિદ્વાન અને હોશીઆર શિક્ષકો અને શિક્ષિકાઓ હોય છે. પુરુષ શિક્ષકો સેંકડે દસ ટકા જેટલા છે, અને તેમનાં વિદ્યા તથા શિક્ષણ સ્ત્રી શિક્ષકો કરતાં ઘણી ચડીઆતાં હોય છે. સામાન્યપણે હાઇસ્કુલોમાં જ વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ રહે છે. જેમજેમ વિદ્યાર્થી ઉંચાં ધોરણો ચડતો જાય છે તેમતેમ તે વિષયોની બહોળી પસંદગી કરી શકે છે. આને લીધે ભણતર ત્યાં ભારરૂપ થતું જ નથી.

હાથહુન્નર અને ઉદ્યોગધંધા માટે તો નીરાળી શાળાઓ છે. તેમને અંગે જંગી કારખાનાં પણ જોડેલાં હોય છે. એટલે હુન્નર કે પ્રયોગની વાતો રૂબરૂ સમજાવી તરત જ કામ બતાવે અને કરાવે. વિદ્યાર્થી ભણતરની સાથોસાથ એકબે હુન્નર શીખી શકે તેટલી ફુરસદ તેને અભ્યાસમાંથી મળી રહે છે. વળી ઉદ્યોગશાળાઓમાં ચોપડીઓ વેચાતી લેવાની હોતી નથી. બાંક ઉપર બેસીને વાંચવા માટે પુસ્તકો ત્યાં મફત અપાય છે. વરસ આખરે તે બધાં પાછાં સોંપી દેવાનાં હોય છે. ફી તો હાઇસ્કુલમાં કે ઉદ્યોગશાળામાં હોતી જ નથી, છતાં ઉદ્યોગશાળાનો લાભ છોકરાઓ જ વધારે પ્રમાણમાં લે છે.

વિદ્યાર્થીઓ

"કન્યાઓ અને છોકરાઓ સૌ સાથે જ ભણે છે અને એમાં કશી અડચણ નડતી નથી. મિત્રોની જુદીજુદી ટોળીઓ હોય છે, પણ પક્ષો પડીને કજીઆ થતા નથી. દેશદાઝ તો ત્યાં ઘણી જોઇ. તેઓને પોતાના રાષ્ટ્રધ્વજનું અતિશય માન—અભિમાન છે. દરેક વિદ્યાર્થીનો ટેક હોય છે કે હું મારા રાષ્ટ્રધ્વજને વફાદાર રહીશ. વિદ્યાર્થીઓના સ્વભાવ તો બધે હોય છે તેવા જ ટીખળી અને મોજીલા ત્યાં પણ છે. વર્ગોમાં ધમાલધાંધલ મચાવવી, તાળીઓ પાડવી, બાંકડા પર ચપ્પુ વડે નામ કોરી અમર થવું... ઇત્યાદિ.

પણ જે એક વસ્તુ આપણે ત્યાં નથી તે ઘણા ઉંચા પ્રમાણમાં ત્યાં છે. તે અંગમહેનત માટે માન. ત્યાં શ્રીમંત કુટુંબના વિદ્યાર્થીઓ પણ મહેનત કરવામાં હલકાઇ સમજતા નથી. દરેક વિદ્યાર્થી પોતાના અભ્યાસનો ખર્ચ જાતે કમાઇ લે છે. માબાપ ઉપર તેનો ભાર પડતો નથી. કદાચ દરેક વિદ્યાર્થીને નામે બૅન્કમાં સારી જેવી રકમ જમા હોય છે. વૅકેશનના ત્રણ માસ દરમ્યાન નોકરી કરી ત્રણચાર માસનું અભ્યાસ-ખર્ચ તેઓ કમાઇ લે છે. કોઈ ઘરશિક્ષણ આપે છે, કોઈ છાપાં વેચે છે, કોઇ કુટુંબમાં કે હોટેલમાં ખાણું પીરસવા કે રકાબીપ્યાલા ધોવા રહે છે, કોઇ રેલવેમાં, પેઢીમાં કે બીસ્કુટ વગેરેનાં કારખાનાંમાં નોકરી, કે ફળ વીણવા વગેરેનાં કામે ખેતરમાં કામે લાગે છે. મારો એક વિદ્યાર્થીમિત્ર જબરો 'મુક્કાબાજ' (boxer) થયો, ખુબ કીર્તિ મેળવી અને મૉટરકાર પણ લઇ શકયો! ત્યાંના વિદ્યાર્થીઓ ભણે છે, ઉદ્યોગ શીખે છે અને કમાય છે પણ ખરા.


દરેક વિદ્યાર્થી સવારના સાડા પાંચે ઉઠે છે અને સાડા આઠે હળવો નાસ્તો લઇ તાજેમાજે શાળાએ જાય છે. પોણાબારે પાછો આવે છે. આમ આખા બપોરની તેઓને નવરાશ મળે છે. એમાં જેને નોકરી કરવી હોય તે નોકરી કરે, હુન્નરધંધો શીખે બજારની વસ્તુઓ ખરીદે કે રમતગમતો રમે કોઇ થાકયા હોય તે આરામ લે અને કોઇ પાઠ કરે. એ લોકો માને છે કે ભારે ખોરાક પછીનું ભણતર પાચનશક્તિને અત્યંત ખરાબ છે, અને બપોરનો વખત સુવાનો નહિ પણ રમવાનો છે. રમતગમત એ તો ત્યાંના છોકરાઓનો મુળ સ્વભાવ જ બની ગયો છે. મનનું અને તનનું કામ આમ વહેંચાઇ જવાથી ભણતરમાં

મહેનત પડતી નથી અને શરીર વિકાસ પામે છે.

પરીક્ષાઓ

"સત્રની તેમજ વાર્ષિક પરીક્ષાઓ અહીં થાય છે, પણ ઉપલા ધોરણમાં ચડાવતી વેળાએ વિદ્યાર્થીનાં દરરોજનાં અભ્યાસ, કામ, કાળજી અને શક્તિ વગેરે ખાસ જોવામાં આવે છે. અને કેટલીકવાર તો લાયક વિદ્યાર્થીને વગર પરીક્ષાએ ચડાવી દેવામાં આવે છે. અમુક વિષયમાં અમુક ટકા માર્ક મેળવે એટલે તે વિષયમાંથી વિદ્યાર્થીને છુટો કરવામાં આવે છે. પરીક્ષાઓમાં પણ દુધના પોરા જેવા પ્રશ્નો કાઢવામાં આવતા નથી. વિદ્યાર્થીની બુદ્ધિને માપી લે તેવા મોટા સવાલો પુછાય છે પરીક્ષાઓમાં વિદ્યાર્થીને શું આવડે છે તે જ જોવાય છે; શું નથી આવડતું તે નહિ. આ રીતે પરીક્ષાના ભય અને ત્રાસમાંથી વિદ્યાર્થી બચી જાય છે અને પરીક્ષા ડાકણ નહિ પણ આશિષ બને છે.

પરીક્ષાઓ ઉતર્યે વાર્ષિક મેળાવડા થાય છે. આ જલસાઓની બધી ગોઠવણ શાળા છોડી જતા વિદ્યાર્થીઓ જ કરે છે. કન્યાઓ પરગામની મુસાફરીઓ કરે છે અને સ્કાઉટમંડળો પણ પોતાનું કામ ધપાવે છે."



અમેરિકન હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ કાઢેલા વાર્ષિકનું એક પાનું

શાળાનું વાર્ષિક

ભાઇ દામોદરે અમને પોતાની શાળાનું એક વાર્ષિક બતાવ્યું. એ પુસ્તકની છપાઇ ને ગોઠવણ સાદી ને સુઘડ હતી. એ પુસ્તક સંબંધી બધી ગોઠવણ, પાસ થઇને શાળા છોડતા વિદ્યાર્થીઓએ જ કરી છે. એનાં લખાણ, છબીઓ, બ્લોકો, યોજના, કાગળ, છપાઇ, બાંધણી-ખર્ચ વગેરે એ વિદ્યાર્થીમંડળોએ ભાગેપડતું વહેંચી લીધું હતું. આ પુસ્તક માટે જાહેરખબરો મેળવનાર પણ તેઓ જ. શાળાના બીજા વર્ગો મદદ માટે ફાળો કરીને આ વાર્ષિકમાં જાહેરખબર આપે. અને જાહેરખબરો પણ કેવી? પુસ્તકના પ્રકાશનમાં પૈસાની મદદ મળે એટલો જ ઉદ્દેશ હોય, ત્યાં વર્ગો બીજી શી જાહેરખબર આપે? એક જાહેરખબરનો નમુનો આમ છે:

૧૯૨૩ ના મૅટ્રિક વર્ગને
૧૯૨૭ ના મૅટ્રિક વર્ગનાં
અભિનંદન

આ પુસ્તકમાં શાળા તથા અભ્યાસની હકીકતો ઉપરાંત શાળા છોડતા દરેક વિદ્યાર્થીની નાની છબી છાપી છે. તેની બાજુમાં એનું ખરૂં નામ અને લાડકોડનું નામ; પ્રથમ તે કઇ શાળામાં ભણતો તે, એની વય વગેરે નોંધ્યાં છે. અને નીચે, તે વિદ્યાર્થીની રમુજી ઓળખાણ કરાવે એવી મિત્રોએ અરસપરસ લખેલી કવિતાની એક એક કડી ઉમેરી છે. એ કડીઓ કેટલીક જાતે લખેલી અને કેટલીક મેળવેલી છે; પણ સઘળી હસાવે તેવી છે.

ભાઇ દામોદર વીશે એમના 'લીસ્ટર કિંગ' નામના મિત્રે અંગ્રેજ કવિ ગ્રાઇનની નીચેની લીટી વાપરી:

> કેટલાક તો જાણીબુઝી બુદ્ધિબળનો ડોળ કરે,
> પણ 'બાબા' તો અક્કલ આગળ ભુલેચુકે ય ના ઢુકે.

એટલે 'બાબા'એ પણ પોતાના મિત્ર 'કિંગ'ને સંભળાવ્યું છે કે

> મહાન કિંગને તું પ્રભુ ! રાખ સલામત
> કર પ્રતાપવાન કિંગની તું હજામત.

કેટલીક લીટીઓ કાવ્યમય પણ છે. એક કન્યાને માટે કોઇએ આમ લખ્યું છે:

> 'એની આંખો શાન્ત પ્રાર્થનાનાં ધામ છે.'

કુમાર કૅમેરા કલબ

'કુમાર'ની ફોટોગ્રાફીની હરીફાઇમાં અનેક યુવકોને ઉત્સાહપૂર્વક ભાગ લેતા જોઇ, અત્રે એક ભાઇને 'કુમાર કૅમેરા કલબ' સ્થાપવાનો વિચાર સુઝ્યો, ને કેટલાક સભ્યો મેળવી એ સંસ્થાની સ્થાપના ગઇ તા. ૧લી એપ્રિલથી કરી દીધી છે. તેની કાર્યવાહી વખતોવખત 'કુમાર'માં પ્રસિદ્ધ થશે.

તેની ફી સ્થાનિક (અમદાવાદમાં) માસિક રૂા. એક તથા બહારગામ માટે વાર્ષિક રૂા. છ રાખવામાં આવી છે. આ આવકમાંથી કલબ માટે ફોટોગ્રાફીનાં ચોપાનીઆં, ડાર્કરૂમ, દવાઓ વગેરે સાહિત્યોની સગવડ સભ્યો માટે કરવામાં આવશે. સભ્ય થવાની તથા કલબનો લાભ લેવાની ઇચ્છા રાખનારે વધારે વિગતો માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો.

મંત્રી, 'કુમાર કૅમેરા કલબ'
કુમાર કાર્યાલય, રાયપુર, અમદાવાદ

અજાયબીની સૃષ્ટિ



ઝિબ્રા

જગતમાં માણસજાતને સૌથી ઉપયોગી ને સુંદર પ્રાણી તે ઘોડો. ઝિબ્રા પણ ઘોડાની જ જાતનું એક પ્રાણી છે. તે લગભગ ઘોડા જેવડું જ ઉંચું ને ઘણું મજબુત હોય છે; માત્ર તેના લાંબા કાન, અને છેડે વાળના ગુચ્છાવાળું પુંછડું એ ગધેડાને મળતાં છે. એના ધોળા શરીર પર જે કાળા ચટાપટા દેખાય છે તે તેને આખે ડીલે કુદરતે બહુ માપસર અને સુંદર રીતે પાડેલા છે. આપણે તેને ચટાપટાવાળો જંગલી ઘોડો કહી શકીએ. આફ્રીકાના જુદાજુદા ભાગમાં તે મળી મળી આવે છે.


માણસજાતે દુનીઆના ભલભલા જંગલી ઘોડાઓને હેળવીને તાબે કર્યા છે અને પાળીને કામે લીધા છે; પણ માત્ર ઝિબ્રાને જ હેળવવો બહુ ભારે પડયો છે. પ્રેમ કે ભય કશાથી તેને હેળવી શકાતો નથી. આજ સુધીમાં માણસો બહુ જ થોડા ઝિબ્રાને હેળવીને કામે લઇ શકયા છે. વળી બીજી નવાઇની વાત એ છે કે પાળેલા ઝિબ્રાનાં બચ્ચાં ક્વચિત જ થાય છે. એની પ્રજા જંગલમાં જ વધે છે, અને ઝિબ્રાનાં બહુ નાનાં બચ્ચાં જંગલમાંથી પકડી લાવે તો જ તેને પાળી શકાય છે. કહેવાય છે કે હવે તો એના મુળ વતન આફ્રીકામાં પણ એની જાત ઓછી થતી ચાલી છે; અને થોડા સૈકામાં એ પ્રાણીની જાત દુનીઆ પરથી તદન નાબુદ થઇ જશે.

દુનીઆ
દૂરની અને નજીકની





ભાવનગરના બાલ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ઇન્ગ્લંડમાં અભ્યાસ કરાવવાનું ઠરાવ્યાથી તેઓ નામદાર માત્ર ૧૩ વર્ષની નાની વયે ગઇ તા. ૧૧ મીની સ્ટીમરમાં સર પ્રભાશંકર પટ્ટણીની સોબતમાં ઇંગ્લંડ જવા વિદાય થયા છે. હીંદુસ્તાનના માણસો ઉપર રાજ્ય કરતા દેશી રાજાઓ આટલી બાલ્યાવસ્થાથી જ યુરોપના સંસ્કારમાં ઉછરે, આ દેશની મુળ સંસ્કૃતિ અને પ્રતિભાથી વંચિત રહે તો કેવી રીતે પોતાની પ્રજાનાં અંતર સમજનાર આદર્શ રાજાઓ થઇ શકે! પરદેશના રીતરિવાજો, ઢબછબ અને ભાષાની સજ્જડ છાપ નાની ઉમરમાંથી પડી ગયા પછી વતન પર વહાલ શે આવે?



રેંટીઓ કાંતતા પટ્ટણી સાહેબ

ત્રણ મહીના પહેલાં ભાવનગરમાં કાઠીઆવાડ રાજકીય પરિષદ વખતે સર પ્રભાશંકર પટ્ટણીએ ગાંધીજીને વચન આપેલું કે પોતે હમેશાં અરધો કલાક રેંટીઓ કાંતશે. એમણે ગાંધીજી પાસે રેંટીઓ શીખવા માંડ્યો ત્યારે શરૂઆતમાં તો એટલો કંટાળો આવેલો કે બારીમાંથી ફેંકી દેવાનું મન થઇ જતું! પણ દૃઢાગ્રહથી બે દિવસમાં જ તેમણે એ કળા શીખી લીધી, અને ત્યાર પછી હમેશાં નિયમિત અરધો કલાક કાંતતા આવ્યા છે. હમણાં એ વિલાયત ગયા ત્યાં રેંટીઓ પણ એમની સાથે ગયો છે. (દુ. કે. શાસ્ત્રી)

*

સૌ. બહેન લીલાવતી મંગળદાસ દેસાઈની માગણી પરથી મુંબાઇના ભગિની સમાજે સ્ત્રીઓ તથા કન્યાઓની વિવિધ કળાનું પ્રદર્શન ભરવાનું ઠરાવ્યું છે. એનો હેતુ બાળાઓમાં ગૃહકળા અને લલિતકળાનો વિકાસ કરવાનો છે.*

થોડા વખત પર મદ્રાસ યુનિવર્સિટીની સેનેટે એવો ઠરાવ પસાર કર્યો છે કે હવેથી નવા આવતા વિદ્યાર્થીઓએ બી. એ. ની પરીક્ષા પરણ્યા પહેલાં જ આપવી જોઇએ. પરણેલા વિદ્યાર્થીઓને બી. એ. ની પરીક્ષામાં બેસવા દેવામાં નહિ આવે.

શીખોએ પોતાના ધર્મની સ્વતંત્રતાની લડાઇમાં આજ સુધીમાં ૩૦,૦૦૦ વીર અકાલીઓનો જેલને ભોગ ધર્યો છે; તેમાં ૨૦૦૦ ઘાયલ થયા છે તથા ૪૦૦ મરણ પામ્યા છે. ઉપરાંત ૧૫ લાખ રૂપીઆનો દંડ ભર્યો છે. છતાં એ યુદ્ધ તો ચાલુ જ છે. કેટલું અડોલ ધૈર્ય અને અખુટ હોંશ!



નેપાળના મહારાજા સર ચંદ્રશમશેરજંગ

જેમણે હમણાં જ પોતાના રાજ્યમાંથી ગુલામીનો દુષ્ટ રિવાજ નાબુદ કર્યો છે. એમના રાજ્યમાં એકાવન હજાર ગુલામો હતા, અને તેમના માલિકો તેમના પર ઘણો સિતમ ગુજારતા. પોતાની પ્રજાને એ જુલમમાંથી મુક્ત કરવા માટે, એ ગુલામોના માલિકોને તેમની કીંમત ભરીને ગુલામોને છુટા કરવા સારૂ તેમણે પંદર લાખ રૂપીઆની રકમ કાઢી છે.

ડૉ. દીનશા ધડીઆળી સુરતના એક નૉનમૅટ્રિક જુવાન હતા. આજે તે અમેરિકન હવાઈ વિમાનોના વડા અમલદાર છે. તેઓ વર્ષો સુધી તો ન્યુયૉર્કની યુનિવર્સિટીના ઇલેક્ટ્રિકલ એન્જીનીઅરીંગના પરીક્ષક હતા. આજે તેમના પોતાના વિજળીક જ્ઞાન આપવાના કલાસ ચાલે છે અને તે અમેરિકામાં બહુ માન સાથે રહે છે.

મ્હેસુરનાં જંગલોમાં વાંસ ઘણા પાકે છે તેથી ત્યાં એવો વિચાર ચાલે છે કે એ વાંસનો માવો બનાવી તેનો કાગળ બનાવવાના કામમાં ઉપયોગ કરવો. આપણા ગુજરાત કાઠીઆવાડના વાંસદા, ધરમપુર, ગીર વગેરે જંગલોમાં પણ વાંસ થાય છે. એમાંથી આપણે પણ એ જાતનો ઉદ્યોગ વધારી શકીએ.

કલકત્તા યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં આ વરસે ૧૯ હજાર છોકરા બેઠા છે. બધાને ભણીગણીને 'કારકુની' કે 'નોકરી' કરવી છે; કોઇને 'કારીગર' કે 'મજુર' નથી થવું.

તરવાની કસરત બધી કસરતોમાં ઉત્તમ છે અને તેથી જ રોમનો તરી ન જાણનારને નાલાયક સમજતા. હવે અમેરિકાએ તરવાની કસરતની કદર કરીને પંદર હજાર સ્કુલો તથા કૉલેજો સાથે તરવાના હોજ રાખ્યા છે અને બધા વિદ્યાર્થીઓ ત્યાં તરતાં શીખે છે. આપણાં ગુરકુળોમાં નદીમાં નહાવા અને તરવાની વ્યવસ્થા છે: થોડા વખત પહેલાં ગંગામાં પુર આવતાં હરદ્વાર ગુરૂકુળના બ્રહ્મચારીઓ તરવામાં હુશીયાર હોવાથી જ ઘણોખરો માલ બચાવી શક્યા હતા.

ફીજીમાં દરેક બાળકના જન્મની નોંધ તેની માતાના હાથ પર છુંદણાં પાડીને રાખવામાં આવે છે. કૌટુંબિક ઇતિહાસ જાળવવાની સરસ રીત!

ઈજિપ્તમા જુના વખતમાં એવો રીવાજ હતો કે કોઇના ઘરમાં બીલાડી મરી જાય તો તે ઘરનાં તમામ માણસોએ પોતાની આંખોની ભ્રમ્મરો મુંડાવી નાખવી પડે!

જાપાનના કામશ્ચાટકા બેટની સ્ત્રીઓ કરોળીઆની જાળનાં તાંતણાંને ગુંથી તેના હાથે પહેરવાનાં મોજાં બનાવે છે. અને તે અનેક યુરોપીઅન સ્ત્રીઓ અને સહેલાણીઓ ભારે કીંમતે ખરીદી જાય છે.

ઑસ્ટ્રેલીઆને પૂર્વ કિનારે એક 'લોહચુંબક બેટ' છે. કૅપ્ટન કૂકનાં વહાણ ત્યાં આગળથી જ્યારે પસાર થતાં ત્યારે તેના હોકાયંત્રનો કાંટો મરડાઇ જતો. એનું કારણ એ હોય કે દરીઆને કાંઠે કે તળીએ રહેલી કોઇક લોહચુંબકવાળી વસ્તુ આસપાસ ખેંચાણ કરતી હશે.

બ્રાઝિલની ઍમેઝૉન નદી દુનીઆની સૌ નદીઓ કરતાં મોટી, લાંબી અને પહોળી નદી છે. એના મુખ આગળ એનો પટ ૧૦૦ માઇલ પહોળો છે. બ્રાઝિલના લોકો એને 'વહાણ બુડાવનાર' કહે છે; તે ઉપરથી પોર્ટુગીઝોએ તેનું નામ 'ઍમેઝૉન' પાડેલું છે.

ઇગ્લંડના પ્રિન્સ ઑફ વેલ્સને દર કલાકે ૧૫૦ રૂ. હાથખરચીના મળે છે! એટલે રોજનું ૩૬૦૦ રૂ. નું દનીઉં; અને વરસના ખાસ્સા રૂ. ૧૩૧૪૦૦૦ થયા!



વાઘનાં બચ્ચાં બકરીને ધાવે !

જામનગરના મહારાજા જામસાહેબે હમણાં એક વિચિત્ર પ્રયોગ કર્યો છે. એમને પ્રાણીઓનો બહુ શોખ છે, અને જુદી જુદી જાતનાં ઘણાં પ્રાણીઓ પાળ્યાં છે. એમાંથી હમણાં એક વાઘણ અકસ્માત મરી ગઇ. તેનાં બચ્ચાં બહુ નાનાં હતાં, તેથી તેને ઉછેરવા માટે એક બકરીને ધવડાવવામાં આવતાં. તેનું ઉપલું ચિત્ર છે. બકરીનું દુધ ધાવીને મોટાં થએલાં આ વાઘનાં બચ્ચાંનો સ્વભાવ કંઇક ફરશે ખરો ? (દુ. કે. શાસ્ત્રી)

અમેરિકામાં મીસ સેફીવલ સ્ટોનર નામની ૧૭ વર્ષની એક વિદ્વાન બાળાએ અત્યાર સુધીમાં દસ હજાર કાવ્યો લખ્યાં છે ! અને તેનાં ૧૭ પુસ્તકો છપાવ્યાં છે ! તે ૧૭ ભાષાઓ વાંચી શકે છે ! જ્યારે તે ૬ વર્ષની હતી ત્યારે તે મહીને દોઢ હજાર રૂપીયા કમાતી ! હાલ તો તેની કમાણી બેશુમાર છે.

બ્રિટિશ સલ્તનતે હીંદુસ્તાનમાં જે જંગી લસ્કર રાખ્યું છે તેનું ખર્ચ દર વર્ષે ૭૫ કરોડ રૂપીઆ આવે છે અને તે હીંદુસ્તાનના ગજવામાંથી લેવાય છે. એ રકમનો મોટો ભાગ તો ગોરા અમલદારોના ભારે પગારો આપવામાં ખર્ચાય છે.

હીંદી સરકાર દરવર્ષે ૮૦ કરોડ રૂપીઆનું દારૂ, ભાંગ, ગાંજો, અફીણ, ચરસ વગેરેનું વેચાણ કરે છે !

એકલું હીંદુસ્તાન જ દરવર્ષે ૩૦ હજાર મણ અફીણ ખાય છે !

લાઠી સ્ટેટના ઝુરખીઆ ગામમાં દેસુર નામના એક આહીર હવાલદારની મુછો અઢી ફુટ લાંબી છે, અને તે ગુંચળાં વાળીને બાંધી રાખે છે.

આફ્રિકામાં સુદાનના પશ્ચિમ ભાગમાં 'ટેબેલ્ડી' નામનાં ઝાડ થાય છે. એનાં થડ કુદરતી રીતે જ પોલાં હોય છે. તેથી ત્યાંના લોકો તેનો ઉપયોગ પાણી ભરી રાખવાનાં ટાંકાં તરીકે કરે છે !

એબીસીનીઆની સરકારને ધાતુના સીક્કા મોંઘા પડતા હોવાથી તે કાચના સીક્કા બનાવવાની છે !

જર્મનીના બાવેરીઆ પ્રાંતમાં એક પ્રચંડ ગોળ ગુંબજ વાળું મકાન બાંધવામાં આવ્યું છે. એ ગુંબજનો ઘાટ આપણા માથા પર રાત્રે દેખાતા આકાશના ઘુમ્મટ જેવો છે, અને તેમાં એવી કરામત કરેલી છે કે આકાશમાં રાત્રે દેખાતા તારા, નક્ષત્રો, ચંદ્ર વગેરે બધાં તેમાં દેખાય, તથા યંત્રોની મદદથી તેમના ફરવાની ગતિ, ફેરફારો વગેરે પ્રત્યક્ષ બતાવી શકાય ! આ ગુંબજ જોવા ત્યાંના હજારો લોકો રાત્રે ભેગા થાય છે, અને એક વિદ્વાન ખગોળશાસ્ત્રી તેમને બધાં યંત્રો ફેરવી આકાશની અદ્‌ભુતતાઓ સમજાવે છે. હીંદુસ્તાનમાં આવું કેદહાડે બનશે ?

હળવદમાં ગઇ તા. ૧૦-૧૧-૧૨ મી એપ્રિલે અખિલ ભારતીય બ્રહ્મસંમેલનમાં શ્રી વેણીશંકર ગોવર્ધનરામ ભટ્ટના પ્રમુખપણા નીચે વિદ્યાર્થીઓએ પરિષદ ભરી હતી, અને ઉદિચ્ય વિદ્યાર્થી સંઘની સ્થાપના થઇ હતી.

હામ મુકયે શું થાયે ?

હામ મુકયે શું થાયે ?
અધવચ હામ મુકયે શું થાયે ?
વીલે મુખે પાછા ફરવું કે તરી જવું તે પારે;
ઠામ નહિ કૈં પગ ટેકવવા મળે અહીં મઝધારે
—અધવચ૦

વળતાં પાણીથી શીદ હઠીએ ? નિશ્ચય પાછળ ભરતી;
લંગર નાખી આજ અટકયા તો ગતિ અનુકુળ વળતી.
—અધવચ૦

નિશા-નિરાશા ટળશે કાળી, ઉજળી ઉષા ઉગશે;
આજ ડુબ્યો સવિતા તે શું નહિ કાલ પ્રભાતે ઉગશે ?
—અધવચ૦

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા



માધુકરી

નરવીર કરીમ

મોરોક્કો એ આફ્રીકામાં એક નાનોશો દેશ છે. એની રીફ પ્રજા પહાડી અને અણઘડ છે. છતાં ઇતિહાસ પણ તાજ્જુબ બનીને જોઇ રહ્યો છે કે એ પહાડી ને જંગલી ગણાતી પ્રજા આજ બબ્બે હજાર વર્ષ થયાં પોતાની સ્વતંત્રતા કેટલી વીરતાપૂર્વક જાળવી રહી છે !

ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, સ્પેઇન—યુરોપનાં આ સૌ સદાનાં ભુખ્યાં રાજ્યોની કડવી નજર એનાપર વર્ષો થયાં ઠરી છે. એનું ટેંગીયેર બંદર સર કરવા એ બળવાન રાજ્યો કેટકેટલા પછાડા મારી રહ્યાં છે. છતાં એ બધાંની સામે આજ પણ મોરોક્કો સ્વતંત્ર ઉભું છે. શા માટે ?

ત્યાંના એ રીફ લોકો પહાડી અને અણઘડ છતાં પ્રખર દેશપ્રેમી છે. તેમની પ્યારી ભૂમિ-માતાની પવિત્રતાને ભ્રષ્ટ કરવા આવનાર પરદેશીને પ્રથમ તો એમની સાથે યુદ્ધમાં ઉતરવું પડે છે. અને એક પણ રીફ જીવતો હોય ત્યાં સુધી કોઇની તાકાત નથી કે મોરોક્કોમાં પ્રવેશ કરી શકે. એ રીફ લોકો તેમનું ખુન ખરચીને સ્વાધીનતા સાબુત રાખી રહ્યા છે.

હમણાં જ યુરોપનાં પ્રપંચી રાજપુરુષોએ મોરોક્કોને સ્પેનના હાથમાં મુકી દીધું. બહાદુર રીફોને સ્વાધીનતા લુંટાવાની દહેશત લાગી. ત્યારે દેશભરમાં માતૃભક્તિની આગ સળગાવનાર અને બહાદુર રીફ યુવાનોને લડાઇના મેદાનમાં દોરી જઈ સ્પેનનાં સૈન્યોને હાર દેનાર એક નરવીર જાગ્યો

એનું નામ અબ્દુલ કરીમ. એ આજે મોરોક્કોનો સરદાર છે, એની ઘેર ઘેર પ્રતિમાઓ માંડી રીફ પ્રજા તેને પુજી રહી છે. એ નરવીરે રીફોની શક્તિને જગાડી; તેમના સ્વાભિમાનને સતેજ કર્યું; માતાને નામે મરવાની, અને મરીને પણ દેશને સ્વાધીન રાખતા જવાની પ્રબળ વાંચ્છના જન્માવી. સ્પેનની તોપ તલ્વારોનો જવાબ રીફોએ તોપ તલ્વારથી આપ્યો. યુરોપ સ્તબ્ધ થઈ ગયું.

સ્પેન પણ ઇંગ્લંડના જેવું જ પ્રપંચમાં કુશળ છે. તેણે ભેદનીતિ ચલાવીને રીફોમાં અંદરઅંદર ખટપટ કરાવી તેમનું બળ તોડી પાડવાની યુક્તિઓ લડાવી. રીફ લોકોના એક પક્ષને હાથમાં લઇ, તેમને માનઅકરામ, પદવી વૈભવના મોહમાં નાખી બીજા પક્ષને નિર્બળ બનાવી મુકવાનો રસ્તો લીધો. અને ઘડીભર તો એમ લાગ્યું પણ ખરૂં કે આ પ્રપંચનો ભોગ બનીને રીફ પ્રજા ગુલામ બની જશે; અને સ્પેન સામે મુકાબલો કરવાની તેની તાકાત સાવ નાબુદ થઈ જશે.

પણ બરાબર એ જ ઘડીએ અબ્દુલ કરીમ જાગ્યો. તેણે રીફ લડવૈયાઓને ભેગા કર્યા; તેમને રાષ્ટ્રસેવાની દીક્ષા દીધી ને સ્પેન સામે યુદ્ધની ઘોષણા કરી.

મોરોક્કોમાં રહેલા સ્પેનના રવેરા નામના ગવર્નરે પોતાની ભેદનીતિ અજમાવી. તેણે રીફ જાતિના એક રસુલી નામના બીજા સરદારને લાંચ આપી પોતાના પક્ષમાં લીધો, અને તેને કરીમ સામે લડવા ઉશ્કેર્યો. પણ સ્પેનના પ્રપંચથી આમ હોળીનું નાળીએર બનેલા એ રસુલીને સ્વદેશપ્રેમી રીફોએ હમણાં જ હરાવ્યો છે, અને તેને તથા તેના પુત્રને કેદ કર્યાં છે. રસુલીના જીતાવાથી હવે કરીમનો માર્ગ સાફ થઈ ગયો છે. તેને માટે હવે એક જ કામ કરવાનું રહ્યું છે. આખી રીફ પ્રજાને એકઠી કરી એકત્ર બળે સ્પેન સામે લડવાનું.

મોરોક્કોની શિખરમાલાઓ ઉપર આજે એ સ્વાતંત્ર્યવીર અબ્દુલ કરીમનો જયજયકાર રણકી રહ્યો છે.

('સૌરાષ્ટ્ર'માંથી તારવીને)

ભૂષણ કવિ

ઔરંગઝેબના દરબારમાં ચિંતામણિ નામે કવિ પોતાનાં કાવ્યોં વડે બાદશાહનું મનરંજન કરતો. તેને ભૂષણ કરીને એક ભાઇ હતો. તે પણ વિદ્વાન કવિ હતો. તેને કંઇ દ્રવ્યપ્રાપ્તિ થતી નહોતી એટલે ભાઇને આશરે રહેતો.

'ઘરકુકડીઓ' કહી કોઇએ તેને મેણું માર્યું તેથી તે પરદેશ નીકળી કમાહુ પહાડના રાજા પાસે પહોંચ્યો. કેટલાંક વર્ષો પછી કવિ સ્વદેશ આવવા નીકળ્યા ત્યારે રાજાએ એક લાખ રૂપીઆ બક્ષિશ આપ્યા અને કહ્યું કે મારા જેવો અન્નદાતા પૃથ્વી ઉપર મળવો દુર્લભ છે. અહંકારના આ શબ્દો સ્વાભિમાની કવિને ન રૂચ્યા. તેણે ઉત્તર દીધો કે આપનાથી અધિક હજાર દાતાઓ પૃથ્વી ઉપર પડ્યા હશે; પણ મારા જેવો લાખ રૂપીઆને ઠોકર મારનાર નિઃસ્પૃહ માણસ કોઇ નહિ મળે.' એટલું બોલી રૂપીઆ ત્યાં મુકી ભૂષણ તો ચાલી નીકળ્યા. ફરતા ફરતા એ કવિ દક્ષિણમાં શિવાજી મહારાજના દરબારમાં આવી પહોંચ્યા. મહારાજે તેમને રાખ્યા. કવિ ભૂષણે ઘણી સુંદર કવિતાઓ બનાવી અને તે ગ્રંથનું નામ 'શિવરાજ ભૂષણ' પાડ્યું. ભૂષણ હવે મહારાજની રજા લઇ દીલ્હી આવ્યા. ઔરંગઝેબને આ વાતની ખબર પડી ત્યારે તેણે કવિને મુલાકાતે બોલાવ્યા. ભૂષણે પોતાના ભાઇ 'મારફત કહેવડાવ્યું કે બાદશાહના હરીફ શિવાજી મારા સ્વામી છે. હું આવીશ તો માત્ર શિવાજી મહારાજનો પ્રતાપ ગાઇશ.' એ શરતે ભૂષણ કચેરીમાં ગયા. બાદશાહ જોડે શરત બકી કે બીજા કવિઓને સાંભળી તમે દાઢીમાં હાથ નાખો છો; મારો વીરરસ સાંભળશો તો હાથ મુછ ઉપર જશે. કવિએ વીરરસવાળાં છ કાવ્યો ગાયાં. કવિના એક હોકારાની સાથે બાદશાહે મુછે હાથ દીધો. શિવાજી મહારાજે આ જાણતાંવેંત ભૂષણને પાછો પોતાના દરબારમાં બોલાવી લીધો અને પાસે જ રાખ્યો.

માયાળુ હૃદય

ન્યુયૉર્કની એક તાજી જ વાત છે.

એક બાઈએ ઝવેરીને ત્યાંથી ખોટાં મોતીની માળા ખરીદી હતી. માળા તુટી ગઇ તેથી તે ફરીને એ ઝવેરી કને લઇ ગઇ અને સમરામણનું દામ પુછ્યું. ઝવેરીએ કહ્યું કે 'માળાનું ખોવાએલું મોતી હું નાખી આપીશ અને પાછી બાંધી દઇશ; પણ તેનું ખર્ચ ૩૦૦ પાઉન્ડ થશે.'

બાઈ તો ચમકી. '૩૦૦ પાઉન્ડ ! અહીંથી મેં આ માળા વેચાતી લીધી ત્યારે તેના મણકાના માત્ર મને ત્રણ પૌંડ જ પડ્યા છે.'

ઝવેરીએ જણાવ્યું કે 'આ ખોટા મણકા નથી પણ સાચાં મોતી છે. તમને એ ભુલથી અપાઇ ગયાં છે. એ આપનાર માણસને અમે નોકરી પરથી પણ ઉતારી મુક્યો છે. આ માળાની મુળ કીંમત તો દશ હજાર પૌંડની છે. પણ અમે તમને તે ભુલથી વેચી દીધી એટલે એ તમારી છે.'

બાઇએ જવાબ વાળ્યો, 'ત્યારે ખરી રીતે એ માળા મારી ન કહેવાય. હવે મારૂં એક વચન માનો. હું તમને એ માળા પાછી દઉં છું. પણ તમે પેલા વેચનાર માણસની ભુલ માફ કરો અને તેને નોકરીમાં પાછો લો.'

ઝવેરીને પણ આ વ્યાજબી જણાયું. તેણે પેલા ગરીબ માણસને પાછો રાખ્યો અને આ માયાળુ બાઇની ભલાઇ જોઇ તેને એક હીરાનું એક લૉકિટ ભેટ મોકલ્યું.

મહારાજાના મુગટથી યે માયાળુ હૃદય વધુ મોટું છે.

જ્ઞાનલીલા

નું મહા માસના પ્રશ્નોનું પરિણામ તથા નવા પ્રશ્નો

આવતે મહીને



અમદાવાદના સારંગપુર અખાડાનું હસ્તલિખિત